**CC No.669/2014**
**જજમેન્ટ**

**ફો.કેસ.નં. ૬૬૯/૨૦૧૪**

**આંક–**

**–:: નમૂના – એ ::–**

| | |
|---|---|
| **મહુવાના પ્રિન્સીપાલ સિવિલ જજ તથા જયુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટમાં, મુ.મહુવા, જિ.સુરત.** | |
| **:: ગુનાની વિગત ::** | |
| ગુનાની કલમ | ઈ.પી.કો. કલમ–૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૨૩, ૩૨૫, ૩૫૪, ૫૦૪, ૫૦૬(૨) મુજબ. |
| પ્રથમ માહિતી અહેવાલ સંખ્યા | ગુ.રજિ.નં I.૪૫/૨૦૧૪ |
| પોલીસ સ્ટેશન | મહુવા પોલીસ સ્ટેશન, જિ.સુરત |
| ફરિયાદપક્ષ | શ્રી સરકાર |
| ફરિયાદપક્ષ તરફે રજૂઆત | એ.પી.પી. શ્રી એમ.યુ.પટેલ |
| આરોપી | **(૧) હિતેશભાઈ લાલુભાઈ સુચલ,** રહે. ધોળીકુઈગામ રોડ ફળિયું તા.મહુવા જી.સુરત, **(૨) રાકેશભાઈ લાલુભાઈ સુચલ (એબેટ)** રહે. રહે. ધોળીકુઈગામ રોડ ફળિયું તા.મહુવા જી.સુરત, **(૩) લાલુભાઈ નારણભાઈ સુચલ,** રહે.ધોળીકુઈગામ રોડ ફળિયું તા.મહુવા જી.સુરત, **(૪) ઉર્મીલાબેન હિતેશભાઈ લાલુભાઈ સુચલ,** રહે. ધોળીકુઈગામ રોડ ફળિયું તા.મહુવા |

| | |
|---|---|
| | જી.સુરત,<br>**(૫) લીલાબેન રાકેશભાઈ લાલુભાઈ સુચલ,**<br>રહે. ધોળીકુઈગામ રોડ ફળિયું તા.મહુવા જી.સુરત, |
| બચાવપક્ષ તરફે રજૂઆત | આરોપીઓ તરફે વિ.વ.શ્રી.કે.એન.વકીલ |

## **–:: નમૂના – બી ::–**

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૧૪/૦૪/૨૦૧૪ |
| એફ.આઈ.આર.ની તારીખ | ૧૪/૦૪/૨૦૧૪ |
| આખરી અહેવાલની તારીખ | ૧૪/૧૦/૨૦૧૪ |
| તહોમતનામા/પ્લીની તારીખ | ૨૭/૦૨/૨૦૧૫ |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૨૪/૦૪/૨૦૧૮ |
| ચુકાદા માટે રાખવાની તારીખ | ૦૩/૦૭/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૦૭/૦૭/૨૦૨૬ |
| સજા હુકમની તારીખ (લાગુ પડે તો) | ––– |

## **:: આરોપીની વિગત ::**

| અનુ | આરોપીનું નામ | અટક કર્યાની તારીખ | જામીન મુક્તિ તારીખ | તહોમત | નિર્દોષ છોડ્યા / સજા કરી | કરવામાં આવેલ સજા | ફો.કા. સં. ની કલમ – ૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | હિતેશભાઈ લાલુભાઈ સુચલ | ૧૫/૦૪/૨૦૧૪ | ૧૫/૦૪/૨૦૧૪ | ઇ.પી.કો. કલમ–૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૨૩, ૩૨૫, ૩૫૪, ૫૦૪, ૫૦૬(૨) મુજબ | નિર્દોષ | – | – |
| ૨ | રાકેશભાઈ લાલુભાઈ | ૧૫/૦૪/૨૦૧૪ | ૧૫/૦૪/૨૦૧૪ | ઇ.પી.કો. કલમ–૧૪૩, | નિર્દોષ | – | – |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | સુચલ (એબેટ) | | | ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૨૩, ૩૨૫, ૩૫૪, ૫૦૪, ૫૦૬(૨) મુજબ | | | |
| ૩ | લાલુભાઈ નારણભાઈ સુચલ | ૧૫/૦૪/૨૦૧૪ | ૧૫/૦૪/૨૦૧૪ | ઇ.પી.કો. કલમ-૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૨૩, ૩૨૫, ૩૫૪, ૫૦૪, ૫૦૬(૨) મુજબ | નિર્દોષ | - | - |
| ૪ | ઉર્મીલાબેન હિતેશભાઈ લાલુભાઈ સુચલ | ૧૫/૦૪/૨૦૧૪ | ૧૫/૦૪/૨૦૧૪ | ઇ.પી.કો. કલમ-૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૨૩, ૩૨૫, ૩૫૪, ૫૦૪, ૫૦૬(૨) મુજબ | નિર્દોષ | - | - |
| ૫ | લીલાબેન રાકેશભાઈ લાલુભાઈ સુચલ | ૧૫/૦૪/૨૦૧૪ | ૧૫/૦૪/૨૦૧૪ | ઇ.પી.કો. કલમ-૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૨૩, ૩૨૫, ૩૫૪, ૫૦૪, ૫૦૬(૨) મુજબ | નિર્દોષ | - | - |

**-:: નમુના - સી :: -**

**:: ફરિયાદપક્ષ, બચાવપક્ષ તથા કોર્ટ તરફે મૌખિક પુરાવા ::**

## (એ) ફરિયાદપક્ષ તરફેના સાહેદોનું લીસ્ટ :-

| સાહેદ નં. | આંક | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| | | **મુખ્ય સાહેદો** | |
| ૦૧ | ૧૯ | બીજલબેન ભાવિનભાઈ વ્યાસની જુબાની | ફરિયાદી |

| | | | |
|---|---|---|---|
| **સ્વતંત્ર સાહેદો** | | | |
| ૦૨ | ૪૫ | કૃપાબેન ઘનશ્યામભાઈ શાહની જુબાની | સ્વતંત્ર સાહેદો |
| ૦૩ | ૪૭ | પ્રિતીબેન જયપ્રકાશ દોશીની જુબાની | |
| ૦૪ | ૫૦ | ભાવીનભાઈ કનુભાઈ વ્યાસની જુબાની | |
| **પંચસાહેદો** | | | |
| ૦૫ | ૫૩ | અશોકભાઈ રણછોડભાઈ હળપતીની જુબાની | (આંક–૫૪) પંચનામાના પંચ |
| ૦૬ | ૫૫ | રમેશભાઈ વલ્લભભાઈ પટેલની જુબાની | |
| **પોલીસ સાહેદ** | | | |
| ૦૮ | ૬૪ | હેમંતકુમાર બચુભાઈ પટેલની જુબાની | તપાસ કરનાર અમલદાર |
| **તબીબ સાહેદ** | | | |
| ૦૭ | ૫૭ | ડો. જીતેન્દ્ર પ્રવીણભાઈ પટેલની જુબાની | તબીબ સાહેદ |

## (બી) બચાવપક્ષ તરફેના સાહેદોનું લીસ્ટ :–

| સાહેદ નં. | આંક | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| – | – | – | – |

## (સી) કોર્ટ તરફેના સાહેદોનું લીસ્ટ :–

| સાહેદ નં. | આંક | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| – | – | – | – |

**:: ફરિયાદપક્ષ, બચાવપક્ષ તથા કોર્ટ તરફે દસ્તાવેજી પુરાવા ::**

## (એ) ફરિયાદપક્ષ તરફેના દસ્તાવેજી પુરાવાઓનું લીસ્ટ :–

| અનું. નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૨૦ | ફરિયાદ |
| ૨ | ૫૪ | પંચનામું |
| ૩ | ૫૮ | બીજલબેન ભાવીન વ્યાસનું મેડીકલ સર્ટીફિકેટ |
| ૪ | ૫૯ | ભાવીન કનુભાઈ વ્યાસનું મેડીકલ સર્ટીફિકેટ |
| ૫ | ૬૦ | કૃપાબેન ઘનશ્યામ શાહનું મેડીકલ સર્ટીફિકેટ |
| ૬ | ૬૧ | પ્રિતિબેન જયપ્રકાશ દોશીનું મેડીકલ સર્ટીફિકેટ |

## (બી) બચાવપક્ષ તરફેના દસ્તાવેજી પુરાવાઓનું લીસ્ટ :–

| અનું. નં. | આંક | વિગત |
|---|---|---|
| – | – | – |

## (સી) કોર્ટ તરફેના દસ્તાવેજી પુરાવાઓનું લીસ્ટ :–

| અનું. નં. | આંક | વિગત |
|---|---|---|
| – | – | – |

**:: મટીરીયલ ઓબ્જેક્ટસ/મુદ્દામાલનું લીસ્ટ ::**

| અનું. નં. | વિગત |
|---|---|
| – | – |

**––//ઠરાવ//––**

(૧) ફરિયાદપક્ષના કેસની ટુકમાં હકીકત એવી છે કે, તા.૧૪/૦૪/૨૦૧૪ ના રોજ કલાક ૧૪/૩૦ વાગે મોજે કોદાદા ફરીયાદીની સર્વે નં.૧૩૭/૩ બ્લોક નં.૧૮૬ વાળી જમીનમાં આ કામના આરોપીઓ એકબીજાની મદદગારીથી એક સંપ થઈ ગેરકાયદેસર મંડળી રચી પોતાનો સામાન્ય હેતુ પાર પાડવા માટે મારક હથીયારો ધારણ કરી ફરીયાદી તથા સાહેદો તેઓની જમીનમાં જી.સી.બી. મશીનથી સમારકામ કરાવતા હતા ત્યારે ગાળ ગલોચ કરતા દોડી આવી આ જમીન અમારી છે અહીથી ચાલ્યા જાઓ તેવું જણાવી એકદમ ઉશ્કેરાઈ જઈ લાકડી તથા કુહાડી જેવા સાધનથી હુમલો કરી ફરીયાદી તથા સાહેદોને લાકડીના સપાટાથી માર મારી ફરીયાદી બ્રીજલબેનને કમરના ભાગે ફેકચર કરી અને ફરીયાદી આ જમીનમાં જો આવશે તો જાનથી મારી નાખીશુ તેવી ધમકી આપી ફરીયાદીના પહેરેલ કપડા ફાડી નાંખી આરોપી નં.૧ નાએ છાતી ઉપર મુકકાઓ મારી ફરીયાદીની છેડતી કરી ગુનો કરેલ તેની સામે ઉપર મુજબનાં ગુન્હાનું ચાર્જશીટ રજુ કરવામાં આવેલ છે.

(૨) ચાર્જશીટ રજુ થતા ચાર્જશીટ રજીસ્ટરે લઇ આરોપીઓને સમન્સની બજવણી થતા આરોપીઓ તેના વિ.વ.શ્રી મારફત નામ.કોર્ટમાં હાજર થતાં, ક્રિ.પ્રો.કોડની કલમ-૨૦૭ અન્વયે પોલિસ પેપર્સની નકલ પુરી પાડવામાં આવેલ છે તથા આંક-૦૯ થી તહોમતનામું ફરમાવી અને આંક-૧૦ થી ૧૫ સુધી આરોપીઓની પ્લી લેતા જેમાં આરોપીઓએ ગુનાનો ઈન્કાર કરેલ છે.આથી આરોપીઓ સામે આગળની ઈન્સાફી કાર્યવાહી ચલાવવામાં આવેલ છે.

વધુમાં, સદર કામે આરોપી નં.૨ રાકેશભાઈ લાલુભાઈ સુચલ નાઓ મરણ ગયેલ હોય જેમના મરણનો દાખલો રજૂ કરવામાં આવેલ છે જેને નિ.૨૨/૧ થી રજુ છે જેથી આંક-૦૧ નીચે હુકમ કરી આરોપી નં.૨ રાકેશભાઈ લાલુભાઈ સુચલ નાઓ સામેનો કેસ એબેટ કરવાનો હુકમ કરવામાં

આવેલ છે.

(૩) ફરિયાદપક્ષે પોતાનો પુરાવો પુરો થયેલાનું મૌખિક રીતે જાહેર કરેલ છે. ત્યારબાદ ક્રિ.પો.કોડની કલમ–૩૧૩ તથા બી.એન.એસ.એસ.ની કલમ–૩૫૧ અન્વયે આરોપીઓનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે. જેમા આરોપીઓએ ફરિયાદપક્ષની મહત્વની હકીકતોનો ઇન્કાર કરી, સોગંદ ઉપર પુરાવો આપવો નથી, બચાવના સાહેદો તપાસવા નથી તેમ જણાવી વિશેષમાં જણાવેલ છે કે અમારા ઉપર ખોટો કેસ કરેલ છે. ત્યારબાદ ફરિયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી તથા આરોપી તરફે વિ.વ.શ્રીની દલીલો સાંભળવામાં આવેલ છે.

(૪) આ કેસના ન્યાય નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબનાં મુદા ઉપસ્થિત થાય છે.

**(૧) શું ફરિયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, તા.૧૪/૦૪/૨૦૧૪ ના રોજ કલાક ૧૪/૩૦ વાગે મોજે કોદાદા ફરીયાદીની સર્વે નં.૧૩૭/૩ બ્લોક નં.૧૮૬ વાળી જમીનમાં આ કામના આરોપીઓ એકબીજાની મદદગારીથી એક સંપ થઈ ગેરકાયદેસર મંડળી રચી પોતાનો સામાન્ય હેતુ પાર પાડવા માટે મારક હથીયારો ધારણ કરી ફરીયાદી તથા સાહેદો તેઓની જમીનમાં જી.સી.બી. મશીનથી સમારકામ કરાવતા હતા ત્યારે ગાળ ગલોચ કરતા દોડી આવી આ જમીન અમારી છે અહીથી ચાલ્યા જાઓ તેવું જણાવી એકદમ ઉશ્કેરાઈ જઈ લાકડી તથા કુહાડી જેવા સાધનથી હુમલો કરી ફરીયાદી તથા સાહેદોને લાકડીના સપાટાથી માર મારી ફરીયાદી બ્રીજલબેનને કમરના ભાગે ફેકચર કરી અને ફરીયાદી આ જમીનમાં જો આવશે તો જાનથી મારી નાખીશુ તેવી ધમકી આપી ફરીયાદીના પહેરેલ કપડા ફાડી નાંખી**

**આરોપી નં.૧ નાએ છાતી ઉપર મુકકાઓ મારી ફરીયાદીની છેડતી કરી ઇ.પી.કો. કલમ– ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૨૩, ૩૨૫, ૩૫૪, ૫૦૪, ૫૦૬(૨) મુજબનો ગુનો કરેલ છે?**

**(૨) શું હુકમ?**

**(૫)** ઉપરોકત મુદ્દાની કારણોમાં ચર્ચા કરી છે તે મુજબ નિર્ણય નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

**(૬)** આરોપીઓ સામે હાલનો કેસ ફોજદારી પ્રકારનો છે અને ફોજદારી ન્યાયશાસ્ત્રનાં સિદ્ધાંત અનુસાર કોઇપણ ફોજદારી પ્રકારની શરૂઆતની ઇન્સાફી કાર્યવાહી ચલાવવામાં આવે ત્યારે બે પ્રકારના અનુમાન સાથે ટ્રાયલ ચલાવવાની છે. પ્રથમ અનુમાનમાં આરોપીઓએ કરેલ ગુનામાથી તે નિર્દોષ છે તે અનુમાન સાથે ફોજદારી પ્રકારની કાર્યવાહીની શરૂઆત કરવામાં આવતી હોય છે. આરોપીઓ વિરુદ્ધ કરવામાં આવતાં આક્ષેપો નિઃશંકપણે પુરવાર કરવાની જવાબદારી ફરિયાદપક્ષની હોય છે અને તે જવાબદારી કોઇપણ સંજોગોમાં ઓછી થતી નથી. રેકર્ડ ઉપર રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાનાં મુલ્યાંકન સાથે ઝીણવટપુર્વક અભ્યાસ કરી નિર્ણય ઉપર પહોંચવાનું હોય છે. આમ, હાલનાં ગુનામાં આરોપીઓ વિરુદ્ધની હકીકતો નિઃશંકપણે સાબિત કરવાં અંગેનો પુરાવો ફરિયાદપક્ષ ઉપર રહેલો છે.

**--- કારણો ---**

**(૭)** સદર કામે ફરીયાદપક્ષે સોગંદ પર તપાસેલ સાહેદો નીચે મુજબ છે

**(૭.૧)** સદર કામે ફરિયાદપક્ષે આરોપી સામેનો હાલનો ગુનો પુરવાર

કરવા માટે આંક–૧૯ થી ફરિયાદી બીજલબેન ભાવિનભાઈ વ્યાસને તપાસવામાં આવેલ છે અને તેઓ પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે, "અમો ઉપરોકત ઠેકાણે રહી ઘરકામ કરી મારા પરીવાર નું ગુજરાન ચલાવુ છું. આ અગાઉ હું મારા પિયર વિધ્નેશ્વર ફળીયું મહુવા ખાતે રહેતા આવેલ. મારા પિતાજીનુ નામ ઘનશ્યામભાઈ શાંતીલાલ શાહ કરીને હતા જેઓ ૨૦૧૧માં ગુજરી ગયેલ છે. મારા માતાશ્રી મધુબેન ઘનશ્યામભાઈ શાહનાઓ હયાત છે. મારા પિતાજીની ત્રણ દિકરીઓ છે જેમા સૌથી મોટી હુ છું. તથા મારા પછી પ્રિતીબેન છે જેમના પણ લગ્ન થઈ ગયેલ છે. અને નાની કૃપાબેન કરીને છે જે મારા માતા મધુબેન સાથે અલગથી અમદાવાદ ખાતે રહે છે.

મારા પિતાજી પાસે ખેતી લાયક જમીન આવેલ છે. જે જમીન મોજે કોદાદા તા.મહુવા જી.સુરત ખાતે સર્વે નં.૧૩૭/૩ બ્લોક નં.૧૮૬ વાળી જમીન આવેલી છે. જે જમીનના અમો કાયદેસરના વારસદાર છે. અમારી જમીનની બાજુમાં અમારી જેની સાથે આ તકરાર ચાલે છે તેમની જમીન આવેલી છે. જઓમાં લાલુભાઈ, હિતેશભાઈ, રાકેશભાઈ વિગેરે જેઓ ધાળીકુઈ ગામના છે. જે તકરાર જે જમીન બાબતથી સને ૨૦૧૨ થી ચાલી આવે છે.

આ ફરીયાદ વાળો બનાવ તા. ૧૪/૦૪/૨૦૧૪ ના રોજ બનેલો. આ ફરીયાદ વાળો બનાવ મારી જમીન કોદાદા ગામે આવેલ છે ત્યાં અઢી વાગ્યાના અરસામાં બનેલો. આ બનાવના દિવસે હુ તથા મારા પતિ ભાવિન તથા મારી બે બહેનો પ્રિતી તથા કૃપાબેન અને એક જે.સી.બી. મશીનવાળા ભાઈને લઈને ખેતરની સાફસફાઈ કરવા માટે જેમાં ખેતરમાં ઝાડી ઝાખરા સાફ કરવા માટે ગયેલા હતા. એ વખતે કામની શરૂઆત કરેલી તે વખતે રાકેશભાઈ, હિતેશભાઈ અને એમના પિતાજી લાલુભાઈનાઓ આવેલા. અને અમોને જણાવેલ કે, આ જમીન અમારી છે તમે અહીંથી નીકળી જાઓ અને નાલાયક ગાળો આપેલી. પછી તેઓએ કોઈને ફોન કરેલો ત્યારબાદ રાકેશભાઈ અને હિતેશભાઈની પત્નીઓ દસથી બાર માણસોને લઈને આવેલા જેમની પાસે લાકડી અને કુહાડા હતા. એ લોકોએ પ્રથમ મારા પતિને

એક ખૂણે લઈ જઈને મારવાનુ ચાલુ કરેલું. અને એક બાજુ રાકેશભાઈ અને બંને ભાઈઓની પત્નીઓએ મને મારાવાનુ ચાલુ કરેલ જેમા રાકેશભાઈના હાથમાં કુહાડી હતી અને એમની પત્નીના હાથમાં લાકડી હતી. લાકડીથી અને કુહાડીથી મને મારવાનું ચાલુ કરેલું. તેમાં રાકેશભાઈએ મારા કપડા ખેંચેલા અને જેમા મારા કપડા ફાટી ગયેલા મારા કપડા ફાટી ગયા બાદ મારી છાતી પર રાકેશભાઈએ મુક્કા મારેલા અને એમની પત્નીએ બરડાના ભાગે લાકડીઓથી મારતા મારતા અમારા ખેતરના છેડે લઈ ગયેલા. મારા પતિને પણ જેઓ દસ જણ આવેલા તેઓએ તથા હિતેશભાઈ તથા લાલુભાઈ નાઓએ પણ મારા પતિને ઢોરમાર મારતા હતા અમો મારા પતિને બચાવવા માટે પડેલા ત્યારે અમારા પર પણ આ બધાએ માર મારતા હતા. અમોને માર મારતા મારતા ગાળો દેતા અમારા ખેતરના છેડા સુધી લઈ ગયેલા. અને અમોને આ પાંચ જણા તથા બીજા પાછળથી આવેલ દસ જણાઓએ ધમકી આપેલ કે, આ જમીનમાં ફરી વાર આવતા નહી, નહી તો જાનથી મારી નાખીશું તેવી ધમકી આપતા હતા તેમજ અમારી ગાડીને સળગાવી નાખવાની ધમકી આપતા હતા. ત્યારબાદ મારા પતિએ મહુવા પોલીસ સ્ટેશનમાં ફોનથી જાણ કરેલી ત્યારબાદ થોડી વારમાં પોલીસ ત્યાં ખેતરે આવી ગયેલી ત્યારબાદ અમોએ પોલીસ સ્ટેશન આવી પોલીસ ફરીયાદ આપેલી. મને અસલ પોલીસ ફરીયાદ બતાવવામાં આવે છે જેમા ફરીયાદી તરીકે મારી સહી છે જે હું ઓળખું છું જે રજુ દાખલ આંક–૨૦ થી રજુ છે.

આ ગુનામાં અમોને જે લાકડી તથા કુહાડીથી માર મારેલ તે હથીયાર મને બતાવવમાં આવે તો ઓળખી શકું.

સદર કામે ફરિયાદી તરફે દસ્તાવેજી લીસ્ટ થી અનુક્રમ નં.૧ થી ૧૬ સુધીના દસ્તાવેજો રજુ કરતા આરોપી તરફે વિ.વ.શ્રી. નાઓએ સખત વાંધો લઈને જણાવેલ છે કે હાલનો કેસ સને ૨૦૧૪ નો હોય અને ફરિયાદીની સરતપાસ લેવાઈ ગયેલ હોય અને મુદામાલ રજુ કરવા પુરતી જ સરતપાસ બાકી હોય તે સંજોગોમાં હાલના તબક્કે ફરિયાદી પોતાના કબ્જામાંથી અન્ય કોઈપણ દસ્તાવેજ કાયદા મુજબ રજુ કરી શકતા નથી. સદર દસ્તાવેજો રજુ

કરવા માટે ફરિયાદી પોતે સદર દસ્તાવેજો જો પોતાના કબ્જામાં હોય તો પોલીસ એજન્સીને કયા કારણોસર જે તે વખતે આપેલા નહી તે પણ તપાસનો વિષય છે અને હાલ જયારે કામ મુદામાલ રજુ કરવા પુરતુ જ બાકી હોય અને તેમાં આરોપી તરફે ઉલટ લેવાની હોય તે સંજોગોમાં આ તબક્કે દસ્તાવેજો રજુ કરવા સામે સખત વાંધો છે.

આરોપી તરફેનો વાંધો વંચાણે લીધો સદર કામે રેકર્ડ જોતા સદર કામ ફરિયાદીના પુરાવા ઉપર છે અને ફરિયાદીની સરતપાસ બાકી છે અને સરતપાસ જયારે પુરી કરવામાં નથી આવી ત્યારે જયાં સુધી ફરિયાદીનો પુરાવો ચાલુ હોય ત્યારે ફરિયાદીને યોગ્ય લાગે ત્યારે પોતાની ફરિયાદ પુરવાર કરવા સારૂ પુરાવાઓ રજુ કરી શકે છે ફરિયાદીએ પુરાવા રજુ કરવા માત્રથી કે તેણે રજુ કરેલા દસ્તાવેજો પુરાવાર થઈ શકતા નથી અને તેને કાયદા મુજબ કેસના સંજોગો જોઈ સાબીત કરવાના હોય છે ત્યારે આ તબક્કે આરોપી તરફે આપવામાં આવેલ વાંધો નામંજુર કરી ફરિયાદી તરફે રજુ કરવામાં આવેલો દસ્તાવેજો સદર કામે દાખલ કરવાની પરવાનગી આપવામાં આવે છે.

વધુમાં સદર કામે આ કામના ત.ક.અમલદાર દ્વારા આંક-૩૪ થી રીપોર્ટ રજુ કરીને તેઓ પાસે મુદામાલ મળી આવતો ન હોવાનો જણાવેલ છે ત્યારે સદર કામે મુદામાલ પોલીસ રજુ કરી શકતી નથી ત્યારે જો ટ્રાયલ દરમિયાન મુદામાલ રજુ કરે તો તે માટે સાહેદને સદરહુ મુદામાલ બતાવી પુરવાર કરવાની શરતે."

સદરહુ ફરિયાદીની આરોપીઓના વિ.વ.શ્રી દ્વારા ઉલટતપાસ કરવામાં આવેલી છે જેમા તેઓ જણાવે છે કે "હું બી.કોમ પાસ છું. હાલ હું ઘરકામ કરૂ છું. મારા લગ્ન ભાવીનભાઈ સાથે સને ૨૦૦૪ મા થયેલા. મારા લગ્ન અમદાવાદ મુકામે થયેલા. એ વાત ખરી છે કે સને ૨૦૦૪ થી હું અમદાવાદ સ્થાયી થયેલ છું. મારા પતિ ભાવીનભાઈ પણ બી.કોમ પાસ છે. તે હાલ બીઝનેશ કરે છે અને ૨૦ વર્ષથી બીઝનેશ કરે છે.

મારી મહુવા મુકામે જે જમીન આવેલી છે તેનો બ્લોક નં.૧૮૬ અને સર્વે નં.૧૩૭/૩ નો છે. એ વાત ખરી છે કે આ જમીનએ મારા

પિતાશ્રીની હતી. મારા પિતાશ્રી અત્યારે હયાત નથી તે સને ૨૦૧૧ ની આસપાસ ગુજરી ગયેલ છે. મારા પિતાશ્રી નોકરી કરતા હતા. એ વાત ખરી છે કે અમારી ઉપરોક્ત બ્લોક નંબર વાળી જમીન આવેલી છે તે અમારે ખેડવાનો પ્રસંગ બનેલો નથી. એ વાત ખરી છે કે અમારી જમીનની બાજુમાં આ કામના આરોપીઓની બ્લોક નં.૧૮૭ વાળી જમીન આવેલી છે. એ વાત ખરી છે કે સદર બ્લોક નં.૧૮૬ અને ૧૮૭ વાળી જમીન બાબતે અમારી તેમજ આરોપીઓની વચ્ચે વર્ષોથી ક્ષેત્રફળ બાબતની તકરાર ચાલતી આવેલી છે. એ વાત ખરી છે કે તે બાબતના કેસો મહુવા સીવીલ કોર્ટમાં અને હાઈકોર્ટમાં હાલ ચાલુ છે. એ વાત ખરી છે કે આ ફરિયાદ વાળો બનાવ બન્યો તે અગાઉથી અમારે ક્ષેત્રફળ બાબતની તકરાર ચાલતી આવેલી છે. ફરિયાદવાળો બનાવ તા.૧૪/૦૪/૨૦૧૪ ના રોજ બપોરે અઢીવાગે કોદાદા અમારી જમીન ઉપર બનેલો. બનાવ બન્યો ત્યારે સ્થળ ઉપર હું મારા પતિ તથા મારી બે બહેનો હાજર હતી. અમે સદરહુ જગ્યાએ નફ્ફટીયા (ઝાડી ઝાખરા) સાફ કરવા માટે ગયેલ હતા. આ પ્રવૃતિ અમે જાતે કરતા હતા. અમને જયારે લાગતુ ત્યારે અમે નફ્ફટીયા સાફ કરવા માટે ગયેલા છીએ.

એ વાત ખરી છે કે મે ફરિયાદ પોલીસને લખાવેલી અને પોલીસે તે મુજબ લખેલી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે ફરિયાદ લખાવતી વખતે જે પુરાવા રજુ કરેલા તે વખતે પી.આઈ. સાહેબે પુરાવા કોર્ટમાં રજુ કરવાનુ જણાવેલુ. એ વાત ખરી છે કે મે ફરિયાદ વાંચીને સહી કરેલી. એ વાત ખરી નથી કે મે મારી ફરિયાદમાં નફ્ફટીયા (ઝાંડી ઝાંખરા) સાફ કરવા માટે ગયેલા તે હકિકત મારી ફરિયાદમાં લખાવેલ નથી.

મને કોર્ટ રેકર્ડમાંથી આંક-૨૦ વાળી ફરિયાદ બતાવવામાં આવે છે જે જોઈને કહુ છું કે તેમાં નફ્ફટીયા (ઝાંડી ઝાંખરા) સાફ કરવા ગયેલા તે લખાવેલ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, બનાવ ૧૪/૦૪ બનેલ તે પહેલા તા.૧૧/૪ ના રોજ પોલીસ સ્ટેશને લેખીત અરજી પી.ઓ.ડી. દ્રારા મોકલેલી જે આ કામે રજુ કરેલ છે અને બનાવના અ ાગલા દિવસે ૧૩ તારીખે બારડોલી ડી.વાય.એસ.પી. સાહેબની ઓફીસમાં રૂબરૂ મળવા જતા

મહુવા પી.આઈ. પણ ત્યા હાજર હતા જેથી અમે આ વાત જણાવેલી કે અમે અમારી જમીન ઉપર નફફ્ટીયાને સાફ કરવા માટે જઈ રહ્યા છીએ અને અમારા જાન માલને નુકશાન થઈ શકે તેમ છે તો અમને પોલીસ રક્ષણ આપવા વિનંતી ડી.વાય.એસ.પી. સાહેબ અને મહુવા પી.આઈ. એ અમને એવુ જણાવેલ કે તમારી જમીન છે તમે જઈ શકો છો પક ની છાતી રાખીને ઉતરવુ અને કઈ પણ બનશે તો અમે પોલીસ સ્ટેશનમાં હાજર છીએ.

એ વાત ખરી છે કે મે ઉપરોક્ત સ્વેચ્છાએ કરેલ ખુલાશાની હકિકત મારી ફરિયાદમાં લખાવેલ નથી.

એ વાત ખરી નથી કે મે મારી ફરિયાદમાં "એ વખતે કામની શરૂઆત કરેલી તે વખતે રાકેશભાઈ, હિતેશભાઈ અને એમના પિતાજી લાલુભાઈ નાઓ આવેલા" એવી હકિકત લખાવેલ નથી. મને કોર્ટ રેકર્ડમાંથી આંક–૨૦ વાળી ફરિયાદ બતાવવામાં આવે છે તે જોઈને કહુ છું કે ફરિયાદમાં હિતેશભાઈ અને રાકેશભાઈનુ નામ છે પણ લલ્લુભાઈનુ નામ લખાવેલ નથી. એ વાત ખરી નથી કે "રાકેશભાઈ અને હિતેશભાઈની પત્નીઓ દસ થી બાર માણસોને લઈને આવેલા જેમની પાસે લાકડી અને કુહાડા હતા" કુહાડાની કોઈ હકિકત તમે તમારી ફરિયાદમાં લખાવેલ નથી. એ વાત ખરી છે કે આ વાક્યની સંદર્ભમાં કુહાડા લઈને આવેલા હોય તેવી કોઈ હકિકત ફરિયાદમાં લખાવેલ નથી.

એ વાત ખરી નથી કે રાકેશભાઈએ મને કુહાડીથી માર્યુ હોય તેવી કોઈ હકિકત મે મારી ફરિયાદમાં લખાવેલ નથી. મને આંક–૨૦ વાળી ફરિયાદ બતાવાવમાં આવે છે જે જોઈને કહુ છું કે રાકેશભાઈએ મને કુહાડીથી માર્યુ હોય તેવી હકિકત મે મારી ફરિયાદમાં લખાવેલી નથી. એ વાત ખરી નથી કે મે મારી ફરિયાદમાં મને તથા મારી સાથેના કોઈને પણ આરોપીઓએ કુહાડીથી માર્યુ હોય તેવી કોઈ હકિકત લખાવેલ નથી. એ વાત ખરી છે કે મે મારી ફરિયાદમાં રાકેશભાઈએ મારા કપડા ખેચેલ હોય અને ફાટી ગયેલ હોય ત્યારબાદ છાતી પણ તેમણે મુક્કો મારેલ હોય તેવી કોઈ હકિકત લખાવેલ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે નામમાં ફરક છે. એ વાત ખરી નથી કે

રાકેશભાઈએ મુક્કા મારેલા અને એમની પત્નીએ બરડાના ભાગે લાકડીથી મારતા મારતા અમારા ખેતરના છેડે લઈ ગયેલા તેવી કોઈ હકિકત મે મારી ફરિયાદમાં લખાવેલ નથી. એ વાત ખરી નથી કે લલ્લુભાઈએ મારા પતિને ઢોર માર મારેલો તેવી કોઈ હકિકત મે મારી ફરિયાદમાં લખાવેલ નથી. એ વાત ખરી નથી કે અમોને આ પાંચ જણા તથા બીજા પાછળથી આવેલા દસ જણાએ ધમકી આપેલી કે આ જમીનમાં ફરી વાર આવતા નહી નહીતો જાનથી મારી નાખીશુ તેવી ધમકી આપતા હતા તેમજ અમારી ગાડીને સળગાવી નાખવાની ધમકી આપતા હતા તે ઉપરોક્ત હકિકત મે મારી પોલીસ ફરિયાદમાં લખાવેલ નથી. એ વાત ખરી છે કે બનાવ બની ગયા પછી અમો પોલીસ સ્ટેશનમાં ફરિયાદ લખાવવા માટે ગયેલા. એ વાત ખરી છે કે બનાવ બન્યો તે પહેલા અમારા અને આરોપીઓ વચ્ચે જમીનના ક્ષેત્રફળ બાબતે મહુવા કોર્ટમાં સીવીલ કેસ ચાલી આવેલો છે. એ વાતની મને ખબર નથી કે આરોપીઓની જમીનમાં શેરડીનો પાક ઊભેલો હતો. એ વાત ખરી નથી કે બનાવના દિવસે બાજુમાં આવેલી આરોપીઓની જમીનનો શેરડીનો પાક ખેડવા માટે જેસીબી મશીન લઈને ગયેલા. એ વાત ખરી નથી કે આરોપીઓએ જેસીબી મશીન ખેડતા અટકાવતા અમે લોકોએ ગાડીમાંથી દાતરડા લાવીને આરોપીઓને મારેલા. એ વાત ખરી નથી કે આરોપીઓ અને અમારી વચ્ચે સીવીલ મેટરો ચાલતી હોય તેમાં દબાણ લાવવા માટે હાલની ખોટી ફરિયાદ ઉપજાવી કાઢેલ છે. એ વાત ખરી નથી કે મને કોઈ પણ આરોપીઓએ માર મારેલો નથી કે મારા કપડા ફાડીને મારી ઈજ્જત લેવાનો કોઈ પ્રયાસ કરેલો નથી."

**(૭.૨)** ફરીયાદપક્ષ તરફે આંક–૪૫ થી સાહેદ કૃપાબેન ઘનશ્યામભાઈ શાહને તપાસવામાં આવેલ છે અને તેઓ પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે, "બનાવ તા.૧૪/૦૪/૨૦૧૪ ના રોજ બનેલો. બનાવના દિવસે અમો કોદાદા મુકામે આવેલ અમારા ખેતરે સાફસફાઈ કરવા માટે ગયેલ હતા. તે વખતે હિતેશભાઈ તેમજ રાકેશભાઈ જેઓ બંને ભાઈઓ છે તેઓ

અમારા ખેતર ઉપર આવેલ અને અમારી સાથે બોલાચાલી કરવા લાગેલ અને તમે અહી કેમ આવ્યા છો એવુ કહી ગાળાગાળી કરવા લાગેલ. અને અમોને તેઓએ એવી ધમકી આપેલ કે "અહી કેમ આવ્યા છો? તમોને જાનથી મારી નાખીશુ." ત્યારબાદ હિતેશભાઈ નાઓએ કોઈક ને ફોન કરેલ અને કોઈક ને બોલાવેલ. ત્યારબાદ પાંચેક મીનીટના અરસામાં હિતેશભાઈ અને રાકેશભાઈના પત્નીઓ તેમજ તેઓના પિતાજી લાલુભાઈ નાઓ તેમજ બીજા બારેક જણા ઈસમો ત્યાં આવી ગયેલ. બનાવ વખતે રાકેશભાઈના હાથમાં કુહાડી હતી અને બીજા ઈસમોના હાથોમાં લાકડીઓ હતી. ત્યારબાદ હિતેશભાઈ અને રાકેશભાઈના પત્નીઓ અમોને લાકડીઓથી માર મારવા લાગેલ ત્યારબાદ મારા જીજાજી ભાવીનભાઈ નાઓને ટોળાના માણસોએ માર મારતા મારતા ખેતરના છેડે લઈ ગયેલા.

આ બનાવમાં હિતેશભાઈ નાઓએ મારી બહેન બિજલબેન નાઓએ પહેરેલ ડ્રેસના કપડા ફાડી નાખેલ અને છાતીના ભાગે મુક્કા મારેલ. અને આરોપીઓ તેમજ ટોળામાં ભેગા થયેલ ઈસમો અમોને સતત કહેતા હતા કે "આ જમીન ઉપર આવશો નહી અને આવશો તો તમોને જાનથી મારી નાંખીશુ અને તમારી ગાડી પણ સળગાવી દઈશું." ત્યારબાદ મારા જીજાજી ભાવીનભાઈ નાઓએ મહુવા પોલીસ સ્ટેશનમાં ફોન કરેલ ત્યારબાદ થોડા સમય પછી પોલીસના માણસો બનાવ સ્થળે આવી ગયેલ. જે સમયે પોલીસના માણસો આવેલ તે સમયે અમો અમારા ખેતરની બહાર છેડે આવી ગયેલ હતા. ત્યારબાદ અમોને મહુવા પોલીસ સ્ટેશન ખાતે લાવવામાં આવેલ અને અમોને ખુબ જ માર માર્યો હોવાથી મેડીકલ ચેકઅપ માટે મહુવા સી.એચ.સી. ખાતે લઈ જવામાં આવેલા. ત્યાં આગળ મારી મોટી બહેન બીજલબેનને ગંભીર ઈજા થયેલ હોય સી.એચ.સી. ના ડોકટરશ્રીએ એક્સ–રે કરાવવા માટેની સલાહ આપેલ. પરંતુ સી.એચ.સી. ખાતે એક્સ–રે ની સુવીધા ન હોય જેથી અમોએ અમદાવાદ ખાતે શુભમ હોસ્પીટલમાં એક્સ–રે કરાવેલ. ત્યાંના ડોકટરશ્રીએ એક્સ–રે જોઈને જણાવેલ કે દર્દીને પીઠના ભાગે ફ્રેકચર થયેલ છે. બનાવના કામે પોલીસે મારૂ નિવેદન લીધેલ.

આરોપીઓને હું જોયેથી ઓળખુ છું જે આજરોજ નામદાર કોર્ટમાં હાજર છે."

સદરહું સાહેદની આરોપીઓના વિ.વ.શ્રી દ્વારા ઉલટતપાસ કરવામાં આવેલી છે જેમા તેઓ જણાવે છે કે "એ વાત ખરી છે કે અમારા વિરૂધ્ધ આ કામના આરોપીઓએ પણ ફરિયાદ કરેલ છે અને તે કેસ પણ આ જ કોર્ટમાં ચાલે છે. હું જન્મથી જ અમદાવાદ ખાતે રહુ છું અને મે એમ.કોમ સુધીનો અભ્યાસ કરેલો છે. કોદાદા ગામ ખાતે અમારી જે જમીન આવેલી છે તે જમીન વડીલો પાર્જીત જમીન છે. એ વાત ખરી છે કે કોદાદા ગામ ખાતે જમીન આવેલી છે તે અમારા પિતાજીના નામ ઉપર ચાલતી આવેલી છે જેઓ હાલ ગુજરી ગયેલ છે. એ વાત ખરી છે કે મારા પિતાજી નોકરી કરતા હતા. એ વાત ખરી છે કે કોદાદા ખાતે જમીનમાં અમારે જાતે ખેડવાનો પ્રસંગ બનેલ નથી. એ વાત ખરી છે કે કોદાદા ખાતેની જમીન હાલમાં પડતર છે. એ વાત ખરી નથી કે કોદાદા ખાતેની જમીનમાં કોઈ દિવસ જમીન ખેડવાનો પ્રસંગ બનેલ નથી.

એ વાત ખરી છે કે હાલનો કેસ અમદાવાદ ખાતે ટ્રાન્સફર કરવા નામદાર હાઈકોર્ટમાં અરજી કરેલી જે નામંજુર કરેલી.

એ વાત ખરી છે કે અમારી જમીનની બાજુમાં લગોલગ જ આરોપીઓની જમીન પણ આવેલી છે. એ વાત ખરી છે કે અમારી અને આરોપીઓ વચ્ચે જમીનના ક્ષેત્રફળ બાબતે સને–૨૦૧૨ થી તકરાર ચાલે છે. એ વાત ખરી છે કે અમારી અને આરોપીઓ વચ્ચે જમીનના ક્ષેત્રફળ બાબતે અત્રેની કોર્ટમાં સીવીલ કેસ ચાલે છે અને જી.આર.ટી. અમદાવાદ ખાતે પણ કેસ ચાલે છે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે જમીનના ક્ષેત્રફળ બાબતે નથી પરંતુ આરોપીઓની જમીન સરકારશ્રી થયેલ હોય તે બાબતે કરેલો છે તેમાં આરોપીઓએ જે ક્ષેત્રફળ માંગેલ છે તેમાં અમારી જમીનનો પણ ઉલ્લેખ કરેલ છે.

એ વાત ખરી છે કે અત્રેની કોર્ટમાં હાલના ફોજદારી કેસ પહેલા થી જ સીવીલ કેસ ચાલતો આવેલો છે.

બનાવના દિવસે અમો જમીન ઉપર સાફસફાઈ કરવા માટે

ગયેલ હતા. એ વાત ખરી નથી કે સાફસફાઈ અમો જાતે કરતા હતા. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે ઝાંડી ઝાખરા હોય જે.સી.બી. લઈને ગયેલ હતા. એ વાતની મને ખબર નથી કે જે.સી.બી. વાળો કોણ હતો તેનુ નામ શું હતુ અને કઈ એજન્સીમાંથી બોલાવવામાં આવેલ હતો.

એ વાત ખરી નથી કે મે મારી સરતપાસમાં જણાવેલ છે કે "હિતેશભાઈ નાઓએ કોઈક ને ફોન કરેલ અને કોઈક ને બોલાવેલ" તે હકિકત મે મારા પોલીસ રૂબરૂના સ્ટેટમેન્ટમાં લખાવેલ નથી. મને મારો પોલીસ રૂબરૂનો નિવેદન બતાવવામાં આવે છે જે જોઈને કહુ છુ કે તેમાં ઉપરોક્ત હકિકત લખાવેલ નથી.

એ વાત ખરી નથી કે મે મારી સરતપાસમાં જણાવેલ છે કે "જે સમયે પોલીસના માણસો આવેલ તે સમયે અમો અમારા ખેતરની બહાર છેડે આવી ગયેલ હતા." તે હકિકત મે મારા પોલીસ રૂબરૂના સ્ટેટમેન્ટમાં લખાવેલ નથી. મને મારો પોલીસ રૂબરૂનો નિવેદન બતાવવામાં આવે છે જે જોઈને કહુ છુ કે તેમાં ઉપરોક્ત હકિકત લખાવેલ નથી.

એ વાત ખરી નથી કે મે મારી સરતપાસમાં જણાવેલ છે કે "ત્યારબાદ હિતેશભાઈ અને રાકેશભાઈના પત્નીઓ અમોને લાકડીઓથી માર મારવા લાગેલ ત્યારબાદ મારા જીજાજી ભાવીનભાઈ નાઓને ટોળાના માણસોએ માર મારતા મારતા ખેતરના છેડે લઈ ગયેલા." તે હકિકત મે મારા પોલીસ રૂબરૂના સ્ટેટમેન્ટમાં લખાવેલ નથી. મને મારો પોલીસ રૂબરૂનો નિવેદન બતાવવામાં આવે છે જે જોઈને કહુ છુ કે તેમાં ઉપરોક્ત હકિકત લખાવેલ નથી.

એ વાત ખરી નથી કે આરોપીઓએ મને કે અન્ય કોઈને પણ કોઈપ્રકારનો માર મારેલ નથી કે જાનથી મારી નાખવાની ધમકી પણ આપેલ નથી. એ વાતની મને ખબર નથી કે બનાવના દિવસે આરોપીઓની જમીનમાં શેરડીનો પાક ઊભેલ હતો. એ વાત ખરી નથી કે આરોપીઓના શેરડીના પાકને નુકશાન પહોચાડવા માટે જે.સી.બી. લઈને ગયેલ હતા. એ વાત ખરી નથી કે આરોપીઓએ અમને અટકાવેલા જેથી અમો અમારી ગાડીમાંથી

દાતરડુ લઈ આરોપીઓને માર મારવા માટે ગયેલા. એ વાત ખરી નથી કે આરોપીઓમાંથી કોઈએ પણ બિજલબેનની છેડતી કે કપડા ફાડેલ હોય તેવુ બનેલ નથી. એ વાત ખરી નથી કે આરોપીઓ સાથે અમારી ક્ષેત્રફળ બાબતની તકરાર ચાલતી હોય સિવીલ કેસમાં દબાણ લાવવા માટે ખોટી ફરિયાદ દાખલ કરેલ છે.

એ વાત ખરી છે કે ડોકટરે માત્ર બિજલબેનને એક્સ–રે માટે મૌખીક રીતે તપાસ કરવાની સલાહ આપેલી અન્યા કોઈને આપેલ નહી."

**(૭.૩)** ફરીયાદપક્ષ તરફે આંક–૪૭ થી સાહેદ પ્રિતીબેન જયપ્રકાશ દોશીને તપાસવામાં આવેલ છે અને તેઓ પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે, "બનાવ તા.૧૪/૦૪/૨૦૧૪ ના રોજ બનેલો. બનાવના દિવસે હું મારી મોટી બહેન બિજલબેન, મારા જીજાજી ભાવીનભાઈ તેમજ મારી નાની બહેન કૃપાબેન નાઓ સાથે અમારી જમીનમાં સફાઈ કામકાજ કરવા માટે ગયેલા. તે વખતે હિતેશભાઈ નાઓ ત્યાં આવેલા અને અમોને આ જમીન અમારી છે તમો નીકળી જાઓ તેવુ જણાવેલુ. તથા તેણે ફોન કરીને રાકેશભાઈ, રાકેશભાઈની પત્ની, રાકેશભાઈના પિતાજી લલ્લુભાઈ તેમજ બીજા બારેક માણસોને બોલાવેલા જેથી તેઓ અમારી જમીન ઉપર આવેલ હતા. અને હિતેશભાઈ નાઓએ અમારી બહેન બીજલબેન નાઓને પીઠ ઉપર માર મારેલ જેના લીધે તેનુ હાડકુ ટુટી ગયેલ. મને હિતેશભાઈની પત્નીએ લાકડીથી માર મારેલ અને ટોળામાના માણસોએ મારા જીજાજી ભાવીનભાઈ નાઓને પણ લાકડીથી માર મારેલ અને મારતા મારતા જમીનની બહાર લઈ ગયેલા. મારી નાની બહેન કૃપાબેન નાઓને પણ માર મારેલ. પછી અમને જમીનની બહાર કાઢી જાનથી મારી નાંખવાની ધમકી આપેલ અને અમારી ગાડી સળગાવી દેવાની ધમકી આપેલ. ત્યારબાદ અમોએ પોલીસને ફોન કરેલ અને અમે ત્યાંથી નીકળી ગયેલ. અમારા ગયા પછી પોલીસ ત્યાં આવેલ. ત્યારબાદ અમો ચારેય જણાઓને ઈજા થયેલ હોય સાંજે મહુવા સીવીલ હોસ્પીટલમાં સારવાર અર્થે લઈ ગયેલ. ત્યા ફરજ પરના હાજર ડોકટરે

મારી મોટી બહેન બીજલબેન નાઓને એક્સ–રેની સુવીધા ન હોય જેથી એક્સ–રે માટે લેખીતમાં રીફર કરેલ. ત્યારબાદ અમો અમદાવાદ જઈને મારી મોટી બહેન બીજલબેનનુ એક્સ–રે કરાવેલ. આ બનાવની ફરિયાદ મારા જીજાજી ભાવીનભાઈ નાઓએ આપેલ. પોલીસે મારૂ નિવેદન લીધેલ."

સદરહુ સાહેદની આરોપીઓના વિ.વ.શ્રી દ્વારા ઉલટતપાસ કરવામાં આવેલી છે જેમા તેઓ જણાવે છે કે " એ વાત ખરી છે કે આ કામના આરોપીઓએ પણ અમારી વિરૂધ્ધ પણ ફરિયાદ કરેલી અને તે ફરિયાદ બાબતેનો કેસ પણ આ જ કોર્ટમાં ચાલે છે. હું જન્મથી જ અમદાવાદ મુકામે રહુ છું એને મે બી.એ. સુધી અભ્યાસ કરેલ છે. મારી જમીન કયાં ગામે આવેલ છે તે હાલમાં મને યાદ નથી પરંતુ તેનો બ્લોક નંબર ૧૩૭/૨ એવો લગભગ છે. એ વાત ખરી છે કે અમારી જમીન વડીલોપાર્જીત જમીન છે અને મારા પિતાજીના નામે ચાલી આવેલ હતી. એ વાત ખરી છે કે મારા પિતાજી નોકરી કરતા હતા. એ વાત ખરી છે કે મારે અમારી જમીન ખેડવા માટે જવાનો આજદીન સુધી કોઈ પ્રસંગ બનેલ નથી. એ વાત ખરી છે કે અ ાજની તારીખે જમીન પડતર છે.

એ વાત ખરી છે કે હાલનો કેસ મહુવા કોર્ટમાંથી અમદાવાદ ખાતે ટ્રાન્સફર કરવા નામદાર ગુજરાત હાઈકોર્ટમાં અરજી કરેલી જે અરજી નામંજુર થયેલી. એ વાત ખરી છે કે અમારી જમીનની બાજુમાં આરોપીઓની જમીન પણ આવેલી હતી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે હાલમાં નથી. એ વાત ખરી છે કે બનાવ સમયે અમારી જમીનની બાજુમાં આરોપીઓની જમીન હતી. એ વાતની મને ખબર નથી કે અમારી જમીન અને બાજુમાં આવેલ આરોપીઓની જમીનના ક્ષેત્રફળ બાબતે વર્ષોથી તકરાર ચાલતી આવેલી છે. એ વાતની મને ખબર નથી કે આ ક્ષેત્રફળ બાબતની તકરાર બાબતે હાલની કોર્ટમાં સીવીલ કેસ ચાલી આવેલ છે કે કેમ.

અમો બનાવના દિવસે સાફસફાઈ કરવા માટે જેસીબી મશીન લઈને ગયેલા. એ વાતની મને ખબર નથી કે જેસીબી મશીન કોણ ચલાવતુ હતુ તેનુ નામ શું હતુ તે કયાંથી લાવેલ હતા.

સવાલ – તમોએ તમારા સરતપાસમાં એવી હકિકત જણાવેલ છે કે "હિતેશભાઈ નાઓ ત્યાં આવેલા અને અમોને આ જમીન અમારી છે તમો નીકળી જાઓ તેવુ જણાવેલુ. તથા તેણે ફોન કરીને રાકેશભાઈ, રાકેશભાઈની પત્ની, રાકેશભાઈના પિતાજી લલ્લુભાઈ તેમજ બીજા બારેક માણસોને બોલાવેલા જેથી તેઓ અમારી જમીન ઉપર આવેલ હતા" તેવી હકિકત તમોએ તમારા પોલીસ રૂબરૂના નિવેદનમાં લખાવેલ છે?

જવાબ – મને યાદ નથી.

સવાલ – તમોએ તમારા સરતપાસમાં એવી હકિકત જણાવેલ છે કે "હિતેશભાઈ નાઓએ અમારી બહેન બીજલબેન નાઓને પીઠ ઉપર માર મારેલ જેના લીધે તેનુ હાડકુ ટુટી ગયેલ" તેવી હાડકુ ટુટી ગયેલાની હકિકત તમોએ તમારા પોલીસ રૂબરૂના નિવેદનમાં લખાવ્યુ નથી?

જવાબ – હા નથી લખાવ્યુ. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે મેડીકલ રીપોર્ટ થયા પછી મને ખબર પડેલી.

મારી બહેન બીજલબેનનુ મેડીકલ રીપોર્ટ કઈ તારીખે આવેલ તે મને હાલમાં યાદ નથી. એ વાત ખરી છે કે મે મારી સરતપાસમાં લખાવેલ હકિકત "મને હિતેશભાઈની પત્નીએ લાકડીથી માર મારેલ અને ટોળામાના માણસોએ મારા જીજાજી ભાવીનભાઈ નાઓને પણ લાકડીથી માર મારેલ અને મારતા મારતા જમીનની બહાર લઈ ગયેલા" તે હકિકત મારી પોલીસ રૂબરૂની નિવેદનમાં લખાવેલ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે બંને ભાઈઓ સાથે ટોળાઓ સાથે બધા ભેગા થઈને માર મારેલો.

એ વાત ખરી છે કે મે મારી સરતપાસમાં લખાવેલ હકિકત"મારી નાની બહેન કૃપાબેન નાઓને પણ માર મારેલ" તે હકિકત મારી પોલીસ રૂબરૂની નિવેદનમાં લખાવેલ નથી.

એ વાત ખરી છે કે જયારે બનાવ બનેલો તે વખતે માત્ર હિતેશભાઈ હાજર હતા બાકીના બધા વ્યકિતઓ પાછળથી આવેલા. એ વાત ખરી છે કે બનાવ બની ગયા બાદ અમે બનાવ સ્થળ ઉપરથી નીકળી ગયેલા તે બાદ પોલીસ બનાવ સ્થળે આવેલી. અમે બનાવ સ્થળથી પોલીસ સ્ટેશન

જવા માટે નીકળેલા અને તે સમયે રસ્તામાં અમોને પોલીસ મળેલી અને અમને પોલીસ સ્ટેશને બોલાવેલા. એ વાત ખરી છે કે "અમે બનાવ સ્થળથી પોલીસ સ્ટેશન જવા માટે નીકળેલા અને તે સમયે રસ્તામાં અમોને પોલીસ મળેલી અને અમને પોલીસ સ્ટેશને બોલાવેલા" આ હકિકત મે મારા પોલીસ રૂબરૂના નિવેદનમાં લખાવેલ નથી.

એ વાત ખરી છે કે મે મારા પોલીસ રૂબરૂના નિવેદનમાં એવી હકિકત લખાવેલ છે કે "આ લોકો અમને મારવા આવેલા તે વખતે અમને ગુસ્સો આવી ગયેલો ત્યારે મારા બનેવી ભાવીનભાઈએ તેની ગાડીમાંથી ધોકો કાઢી લાવેલો અને અમો ખેતરમાં ઘાસ કાપવાનો હોય બે દાતરડા લાવેલ હતા જે એક દાતરડુ મારી બીજલબેન તથા એક દાંતરડુ મારી નાની બહેન કૃપાબેન લઈને તેઓ સામે દોડી ગયેલા. "

સવાલ – આરોપીઓની જમીનમાં બનાવ સમયે શેરડીનો પાક ઊભેલ હતો?જવાબ – મે આવુ કાંઈ જોયેલ નથી.

એ વાત ખરી નથી કે મને કે કોઈને પણ કોઈપણ પ્રકારનો માર આરોપીઓએ મારેલ નથી કે જાનથી મારી નાખવાની ધમકી પણ આપેલ નથી તેમજ ગાડી સળગાવી નાંખવાની ધમકી આપેલ નથી. એ વાત ખરી નથી કે આરોપીઓના શેરડીના પાકને નુકશાન પહોચાડવા માટે અમો જેસીબી લઈને ગયેલ હતા. એ વાત ખરી નથી કે આરોપીઓએ અમને અટકાવેલા જેથી અમો ગાડીમાંથી દાતરડુ લઈને આરોપીઓને મારવા માટે દોડી ગયેલા. એ વાત ખરી નથી કે અમારી આરોપીઓ સાથે જમીનના ક્ષેત્રફળ બાબતનો કેસ ચાલતો હોય તે કેસમાં દબાણ લાવવા માટે હાલનો ખોટી ફરિયાદ કરેલ છે. "

**(૭.૪)** ફરીયાદપક્ષ તરફે આંક–૫૦ થી સાહેદ ભાવીનભાઈ કનુભાઈ વ્યાસને તપાસવામાં આવેલ છે અને તેઓ પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે, "બનાવ તા.૧૪/૦૪/૨૦૧૪ ના રોજ બનેલો. બનાવના દિવસે અમો કોદાદા ગામે આવેલ મારા સસરાની બ્લોક નંબર–૧૮૬ વાળી

જમીન ઉપર હું મારા પત્ની બિજલબેન તથા મારા સાળી કૃપાબેન અને પ્રિતિબેન નાઓ સાથે જે.સી.બી. વાળાને લઈને સફાઈ કામ અર્થે આશરે અઢી વાગ્યાની આસપાસ ગયેલ હતા. અને જે.સી.બી. થી સફાઈ કામકાજ ચાલતુ હતુ તે દરમિયાન અમારા ખેતરને બાજુમાં આવેલ બ્લોક નંબર–૧૮૭ વાળી જમીનના ખાતેદાર લાલુભાઈ નારણભાઈ, રાકેશભાઈ લાલુભાઈ તથા હિતેશભાઈ લાલુભાઈ નાઓના નામે ચાલે છે તે જમીનમાં હિતેશભાઈ નાઓ ઊભેલા હતા અને અમોને જોઈ બુમો પાડવા લાગેલ અને ગાળો બોલવા લાગેલ અને કહેલ કે, અહીયાથી નીકળી જાઓ નહી તો જાનથી મારી નાખીશ. ત્યારબાદ હિતેશભાઈએ કોઈકને ફોન કરેલ અને તે પછી હિતેશભાઈ, હિતેશભાઈના પત્ની, રાકેશભાઈ, રાકેશભાઈના પત્ની તથા બારેક જેટલા બીજા માણસો અને સાથે લાલુભાઈ નારણભાઈ પણ હતા તેઓ હાથમાં લાકડીઓ લઈને આવેલા અને રાકેશભાઈ કુહાડી લઈને આવેલા અને તે લોકોએ મારી ઉપર હુમલો કરેલો તથા બીજા જે બારેક માણસો આવેલો તે લોકોએ પણ મારી સાથે મારામારી કરવા લાગેલા તે જોતા મારા પત્ની અને મારા સાળીઓ મને બચાવવા માટે આવેલા ત્યારે રાકેશભાઈ તથા હિતેશભાઈની પત્નીઓ તથા બીજા અજાણ્યા માણસોએ તેમના ઉપર પણ હુમલો કરેલો. તેમાંથી હિતેશભાઈ એક માણસના હાથમાંથી લાકડી લઈ મારી પત્ની બીજલબેનના બરડામાં(પીઠના ભાગે) લાકડીના સપાટા જોરજોરથી મારેલા. જેને લીધે તેના કમરનુ હાડકુ પણ ફેકચર થયેલ અને આ લોકો મારતા મારતા મને ખેતરના છેડા સુધી લઈ ગયેલા. અને હિતેશભાઈએ વારંવાર ધમકીઓ આપેલી કે ફરીથી આ જમીન ઉપર આવશો તો જાનથી મારી નાખીશુ અને અમારી ગાડી પણ સળગાવી દેવાની વાત કરેલી. ત્યારબાદ અમોએ પોલીસમાં ફોન કરતા પોલીસ આવેલી અને અમો બધા પોલીસ સ્ટેશન આવેલા. અને અમોને ગંભીર ઈજાઓ થયેલ હોવાથી અમોએ મેડીકલની માંગણી કરતા મહુવા પી.એસ.આઈ. નાઓએ અમને મેડીકલ આપેલ. મેડીકલ રીપોર્ટમાં સૌથી વધારે મારી પત્ની બીજલબેનને વાગેલ હોવાથી તથા મહુવા સારવાર કેન્દ્રમાં તે સમયે એક્સ–રે ની સગવડ ન

હોવાથી બીજલબેન માટે મહુવા સારવાર કેન્દ્રના ડોકટર સાહેબે કમરના ભાગમાં એકસ–રે કરવાનુ પ્રિસ્ક્રાઈબ કરી આપેલ. આ બનાવની મારી પત્ની બિજલબેન નાઓએ ફરિયાદ આપેલ. પોલીસે મારૂ નિવેદન લીધેલ. આરોપીઓને ઓળખુ છું જેઓ પૈકી આરોપી નંબર–૧, ૩, ૪, ૫ આજરોજ હાજર છે. "

સદરહુ સાહેદની આરોપીઓના વિ.વ.શ્રી દ્વારા ઉલટતપાસ કરવામાં આવેલી છે જેમા તેઓ જણાવે છે કે " હું ધોરણ–૧૨ પાસ છું. હું આશરે પંદર–વીસ વર્ષથી મારૂ બીજનેશ કરૂ છું અને હું જન્મથી જ અમદાવાદ મુકામે રહુ છું. એ વાત ખરી છે કે તકરાર વાળી જમીન મારા સસરાપક્ષની છે. એ વાત ખરી છે કે જયાં સુધી મારા સસરા સારી અવસ્થામાં હતા ત્યાં સુધી તેઓ જમીનની દેખભાળ રાખતા હતા. એ વાત ખરી છે કે મારા સસરાની અવસ્થા બગળયા બાદ મારે આજદીન સુધી ખેતી કરવાનો કોઈ પ્રસંગ બનેલ નથી. એ વાત ખરી છે કે અમારી જમીનની બાજુમાં જ આરોપીઓની જમીન આવેલી છે. એ વાત ખરી છે કે અમારી જમીન અને આરોપીઓની જમીનના ક્ષેત્રફળ બાબતે વર્ષ–૨૦૧૨ થી તકરાર ચાલતી આવેલી છે. એ વાત ખરી છે કે આ તકરાર બાબતે સીવીલ કોર્ટ મહુવા સીવીલ કેસ, જી.આર.ટી. અમદાવાદ ખાતે પણ કેસ ચાલે છે.

એ વાત ખરી છે કે આ બનાવ બન્યો તે પહેલાથી જ અમારી અને આરોપીઓ વચ્ચે જમીન તકરાર ચાલતી આવેલી છે. એ વાત ખરી નથી કે આ બનાવ બનતા પહેલા સાફસફાઈ માટે સદર ખેતર ઉપર ગયેલ નથી.

એ વાત ખરી નથી કે મે મારા પોલીસ રૂબરૂના નિવેદનમાં હિતેશભાઈએ કોઈને ફોન કરીને બોલાવેલાની હકિકત લખાવેલ નથી. સાહેદને કોર્ટ રેકર્ડમાંથી તેમનો પોલીસ રૂબરૂનો નિવેદન બતાવવામાં આવે છે જે જોઈને તેઓ કહે છે કે, તેમાં હિતેશભાઈએ ફોન કરેલાની હકિકત તેઓ લખાવેલ નથી.

એ વાત ખરી છે કે લાલુભાઈ નારણભાઈ બનાવ સ્થળે આવેલ હોય કે પહેલા થી હાજર હોય તેવી હકિકત મે મારા પોલીસ રૂબરૂના

નિવેદનમાં લખાવેલ નથી.

એ વાત ખરી નથી કે મે મારા પોલીસ રૂબરૂના નિવેદનમાં "આ લોકો મારતા મારતા મને ખેતરના છેડા સુધી લઈ ગયેલા" ની હકિકત પોલીસ રૂબરૂના નિવેદનમાં લખાવેલ નથી. સાહેદને કોર્ટ રેકર્ડમાંથી તેમનો પોલીસ રૂબરૂનો નિવેદન બતાવવામાં આવે છે જે જોઈને તેઓ કહે છે કે, "આ લોકો મારતા મારતા મને ખેતરના છેડા સુધી લઈ ગયેલા" ની હકિકત તેઓ લખાવેલ નથી.

એ વાત ખરી છે કે આરોપીઓએ પણ અમારી સામે કેસ કરેલો છે અને જે કેસ આ જ કોર્ટમાં ચાલે છે. એ વાત ખરી છે કે આ બંને કેસો અમદાવાદ ખાતે ટ્રાન્સફર કરવા માટે અરજી કરેલી જે અરજી નામંજુર કરેલી.

એ વાત ખરી નથી કે બનાવના દિવસે હું જમીન ઉપર સાફસફાઈ કરવા માટે ગયેલ નહી. એ વાતની મને ખબર નથી કે બનાવના દિવસે આરોપીઓની જમીનમાં શેરડીનો પાક ઊભેલ હતો કે કેમ. એ વાત ખરી નથી કે બનાવના દિવસે અમે આરોપીઓની જમીનમાંથી શેરડીનો પાક ઊખેડવા માટે ગયેલા. એ વાત ખરી નથી કે આરોપીઓએ મને અટકાવેલ જેથી અમે અમારી ગાડીમાંથી દાતરડુ, થાપી લાવીને આરોપીઓને મારેલા.

બનાવ વખતે જે.સી.બી. મશીન લઈને ગયેલા તે મશીન મહુવા ચોકડીથી હાયર કરેલુ તે મશીન કોનુ હતુ તે મને ખબર નથી. અમારી જમીનમાં ઝાડી, ઝાંખરા, નફટીયા હોય જે સાફસફાઈ કરવા માટે જે.સી.બી. મશીન લઈને ગયેલા. એ વાત ખરી છે કે સાફસફાઈ કરવા ગયેલા તે વખતે હું પોતે, મારી પત્ની, મારી બે સાળીઓ તથા જે.સી.બી. મશીન ચલાવનાર વ્યકિત તે સિવાય બીજુ કોઈ હતુ નહી.

મારા પોલીસ રૂબરૂના નિવેદનમાં લખાવેલ હકિકત "અને આ લોકો અમને મારવા આવેલા તે વખતે અમને પણ ગુસ્સો આવી ગયેલો અને ત્યારે હું મારી ગાડીમાંથી ધોકો કાઢી લાવેલો અને અમો ખેતરમાં ઘાસ કાપવાનુ હોય બે દાતરડા લાવેલા હતા જે એક દાતરડુ મારી પત્ની બીજલબેન તથા એક દાતરડુ મારી નાની સાળી કૃપાબેન લઈને તેઓ સામે દોડી ગયેલા

પરંતુ કોઈને મારેલા નહી", મે લખાવેલ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે મે નિવેદનમાં સહી કરેલી. હવે સાહેદ જણાવે છે કે સહી મારા ધ્યાનમાં નથી. હવે સાહેદ જણાવે છે કે મે સહી કરેલ નથી.

એ વાત ખરી નથી કે આરોપીઓએ મને કે અન્ય કોઈને પણ કોઈપણ પ્રકારનો માર મારેલ નથી કે જાનથી મારી નાંખવાની ધમકી પણ આપેલ નથી. એ વાત ખરી નથી કે આરોપી હિતેશભાઈએ બિજલબેનને લાકડીથી બરડાના ભાગે માર મારેલ હતો. એ વાત ખરી છે કે બનાવ સ્થળે પોલીસ આવ્યા બાદ અમો પોલીસ સ્ટેશને ગયેલા અને ત્યાં અમારૂ નિવેદન લીધા બાદ મેડીકલ કરાવવા માટે ગયેલા. એ વાતની મને ખબર નથી કે મેડીકલ કરાવવા માટે ગયેલા ત્યારે કોઈ પોલસવાળા અમારી સાથે હાજર હતા કે કેમ. એ વાત ખરી નથી કે આરોપીઓ સાથે અમારી જમીનના ક્ષેત્રફળ બાબતે તકરાર ચાલતી હોય સીવીલ કેસમાં દબાણ લાવવા માટે હાલની આ ખોટી જુબાની આપુ છું."

**(૭.૫)** ફરીયાદપક્ષ તરફે આંક–૭૩ થી પંચ સાહેદ અશોકભાઈ રણછોડભાઈ હળપતીને તપાસવામાં આવેલ છે અને તેઓ પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે, "પોલીસે અમોને દસેક વર્ષ અગાઉ મહુવા પોલીસ સ્ટેશન ખાતે બોલાવેલા અને એક તૈયાર લખેલ કાગળ ઉપર સહી કરવાનુ કહેતા અમોએ સહી કરેલી. મારે પોલીસ સાથે કોઈ જગ્યાએ જવાનુ થયેલ નથી. મેં પોલીસને કાંઇ લખાવેલ હોય તેવુ બનેલ નથી. મને એક તૈયાર કાગળ ઉપર સહી કરવાનું કહેતા મેં સહી કરેલી. મે પોલીસને કોઈ પંચનામુ લખાવેલ નથી. મને આજરોજ ઝેરોક્ષ પંચનામુ બતાવવામાં આવે છે જે જોઈને કહુ છું કે તે પંચનામામાં પંચ નં–૧ તરીકે મારી સહી છે. જેને હું ઓળખુ છું સદર ઝેરોક્ષ પંચનામાને આંકે પાડવા સામે બચાવપક્ષને વાંધો ન હોય જેથી સદર પંચનામાને રજુ દાખલ આંક–૫૪ આપવામાં આવે છે."

આમ, સદરહુ પંચ સાહેદ ફરિયાદપક્ષના કેસને સમર્થન આપતા ન હોય તેઓને વિ.એ.પી.પી.શ્રી.ની મૌખિક વિનંતીથી ફરી ગયેલા

જાહેર કરી ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપવામાં આવતાં તેમની ઉલટતપાસ કરવામાં આવેલી છે જેમા તેઓ ફરિયાદપક્ષનાં કેસને સમર્થનકારી પુરાવો પુરો પાડતા નથી.

સદરહુ પંચ સાહેદની આરોપીઓના વિ.વ.શ્રી દ્વારા ઉલટતપાસ કરવામાં આવેલી છે જેમા તેઓ જણાવે છે કે "એ વાત ખરી છે કે મે તૈયાર લખેલ કાગળ ઉપર સહી કરેલી તે સિવાય હું બીજુ કશુ જાણતો નથી. "

**(૭.૬)** ફરીયાદપક્ષ તરફે આંક–૫૫ થી પંચ સાહેદ રમેશભાઈ વલ્લભભાઈ પટેલને તપાસવામાં આવેલ છે અને તેઓ પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે, "પોલીસે અમોને દસેક વર્ષ અગાઉ અમારા ગામ કોદાદા ઈંટના ભઠ્ઠા પાસે બોલાવેલા અને એક તૈયાર લખેલ કાગળ ઉપર સહી કરવાનુ કહેતા અમોએ સહી કરેલી. મારે પોલીસ સાથે કોઈ જગ્યાએ જવાનુ થયેલ નથી. મેં પોલીસને કાંઈ લખાવેલ હોય તેવુ બનેલ નથી. મને એક તૈયાર કાગળ ઉપર સહી કરવાનું કહેતા મેં સહી કરેલી. મે પોલીસને કોઈ પંચનામુ લખાવેલ નથી. મને આજરોજ આંક–૫૪ વાળુ પંચનામુ બતાવવામાં આવે છે જે જોઈને કહુ છું કે તે પંચનામામાં પંચ નં–૨ તરીકે મારી સહી છે. જેને હું ઓળખુ છું. "

આમ, સદરહુ પંચ સાહેદ ફરિયાદપક્ષના કેસને સમર્થન આપતા ન હોય તેઓને વિ.એ.પી.પી.શ્રી.ની મૌખિક વિનંતીથી ફરી ગયેલા જાહેર કરી ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપવામાં આવતાં તેમની ઉલટતપાસ કરવામાં આવેલી છે જેમા તેઓ ફરિયાદપક્ષનાં કેસને સમર્થનકારી પુરાવો પુરો પાડતા નથી.

સદરહુ પંચ સાહેદની આરોપીઓના વિ.વ.શ્રી દ્વારા ઉલટતપાસ કરવામાં આવેલી છે જેમા તેઓ જણાવે છે કે "એ વાત ખરી છે કે મે તૈયાર લખેલ કાગળ ઉપર સહી કરેલી તે સિવાય હું બીજુ કશુ જાણતો નથી. "

**(૭.૭)** ફરીયાદપક્ષ તરફે આંક–૫૭ થી સાહેદ ડો. જીતેન્દ્ર

પ્રવિણભાઈ પટેલને તપાસવામાં આવેલ છે અને તેઓ પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે, "તા.૧૪/૦૪/૨૦૧૪ ના રોજ સામુહીક આરોગ્ય કેન્દ્ર મહુવા ખાતે હું મારી ફરજ ઉપર હાજર હતો તે વખતે રાત્રે ૦૮–૧૦ કલાકે પોલીસ સ્ટેશન મહુવાની પોલીસ ચાદી સાથે (૧)બિજલબેન ભાવીન વ્યાસ (૨)ભાવીનભાઈ કનુભાઈ વ્યાસ (૩)કૃપાબેન ઘનશ્યામ શાહ (૪) પ્રિતિબેન જયપ્રકાશ દોશી નાઓને તપાસ તથા જરૂરી સારવાર અર્થે લાવવામાં આવેલા. આ તમામ દર્દીઓ પૈકી દર્દી નંબર–૧ બિજલબેન ભાવીન વ્યાસ ઉ.વ.૪૩ નાઓને તપાસતા તેઓને જમણી કોળી ઉપર પાછળની બાજુએ દુખાવો અને સોજો, પીઠ ઉપર પાછળની ઉપરની બાજુએ દુખાવો અને આખા જમણા પગના દુખાવાની ફરિયાદ જણાવેલ. તેમની તપાસ દરમિયાન તેઓ સભાન અવસ્થામાં હતા અને તેમના વાયટલ્સ સામાન્ય જણાઈ આવેલ અને તપાસ દરમિયાન છ ઈજાઓ જોવા મળેલ. જે ઈજાઓ પૈકી ઈજા નંબર–૧ માં જમણી કોળી પાછળ ૩ x ૨ સેન્ટીમીટર સાઈઝનો ઘસરખો–સોજો તથા લાલાસ જોવા મળેલ તથા દુખાવો અનુભવેલ આ ઈજા સામાન્ય પ્રકારની બોથડ પદાર્થથી અને છ થી ૧૨ કલાકની અંદર થયેલ હોવાનુ જણાયેલ. ઈજા નંબર–૨ માં પીઠ ઉપર જમણી બાજુએ ૧૫ x3 સેન્ટીમીટર સાઈઝના ત્રાસા ઉપરની બહારની બાજુએથી નીચે વચ્ચેની બાજુ જતા ચરકામાં ઘસરખા અને લાલાસ જોવા મળેલ અને આ ઈજા સામાન્ય પ્રકારની બોથડ પદાર્થથી અને છ થી ૧૨ કલાકની અંદર થયેલ હોવાનુ જણાયેલ. ઈજા નંબર–૩ માં પીઠ ઉપર ડાબી બાજુ ૧૦ x ૩ સેન્ટીમીનટર સાઈઝના ઊભો–સીધો ઘસરખા–ચકામા જોવા મળેલ અને આ ઈજા સામાન્ય પ્રકારની બોથડ પદાર્થથી અને છ થી ૧૨ કલાકની અંદર થયેલ હોવાનુ જણાયેલ. ઈજા નંબર–૪ માં પીઠ ઉપર ડાબી બાજુએ વચ્ચેના ભાગે ૧૧ અને ૧૨ નંબરની પાસડી પાસે ૮ x ૩ સેન્ટીમીટરના ચકામા–ઘસરખા અને લાલાસ જોવા મળેલ અને આ ઈજા સામાન્ય પ્રકારની બોથડ પદાર્થથી અને છ થી ૧૨ કલાકની અંદર થયેલ હોવાનુ જણાયેલ. ઈજા નંબર–૫ માં જમણા સાંથળ ઉપર ઉપરના ૨/૩ ભાગે ૧૭ x ૩ સેન્ટીમીટર સાઈઝના

જમણઆ થાપાથી શરૂ થઈ ત્રાસો નીચેની તરફ થઈ આગળની બાજુ જતો અને સાંથળના આગળના ભાગે વચ્ચેના ૧/૩ ભાગે સુધી ચકામા–ઘસરખા અને લાલાસ જોવા મળેલ અને આ ઈજા સામાન્ય પ્રકારની બોથડ પદાર્થથી અને છ થી ૧૨ કલાકની અંદર થયેલ હોવાનુ જણાયેલ. ઈજા નંબર–૬ માં ડાબા કાંડા ઉપર બહારની આગળની બાજુએ ૨.૧ સેન્ટીમીટર સાઈઝના ઘસરખો અને લાલાસ જોવા મળેલ અને આ ઈજા સામાન્ય પ્રકારની બોથડ પદાર્થથી અને છ થી ૧૨ કલાકની અંદર થયેલ હોવાનુ જણાયેલ. તેણીને ઓ.પી.ડી. દર્દી તરીકે સારવાર આપવામાં આવેલ. જમણી કોળી અને પીઠના ભાગના એક્સરે માટે નવી સીવીલ હોસ્પીટલ સુરત ખાતે રીફર કરવામાં આવેલ. દર્દી નંબર–૨ ભાવીનભાઈ કનુભાઈ વ્યાસ ઉ.વ.૪૩ નાઓને તપાસતા તેમણે થાપા ઉપર બંને બાજુ ઈજા તથા દુખાવો, માથામાં ડાબી પાછળની બાજુએ દુખાવાની ફરિયાદ જણાવેલ અને તેમની તપાસ દરમિયાન તેઓ સભાન અવસ્થામાં હતા અને તેમના વાયટલ્સ સામાન્ય જણાઈ આવેલ અને તપાસ દરમિયાન ચાર ઈજાઓ જોવા મળેલ. જે ઈજાઓ પૈકી ઈજા નંબર–૧ માં માથામાં ડાબા કાનની પાછળની બાજુ લાલાસ જોવા મળેલ અને દુખાવો અનુભવેલ. ઈજા નંબર–૨ માં ડાબા થાપા ઉપર ૫x૨.૫ સેન્ટીમીટર સાઈઝના આડા ચકામા–ઘસરખા અને લાલાસ જોવા મળેલ. ઈજા નંબર–૩ માં જમણા થાપા ઉપર ૭x૪ સેન્ટીમીટર સાઈઝનો આડા ચકામા–ઘસરખા અને લાલાસ જોવા મળેલ. ઈજા નંબર–૪ માં ડાબા સાંથળ ઉપર પાછળની બાજુએ ૪x૨ સેન્ટીમીટર સાઈઝનો આડા ચકામા–ઘસરખા અને લાલાસ જોવા મળેલ. આ તમામ ઈજાઓ સામાન્ય પ્રકારની બોથડ પદાર્થથી અને છ થી ૧૨ કલાકની અંદર થયેલ હોવાનુ જણાયેલ. તેમને ઓ.પી.ડી. દર્દી તરીકે સારવાર આપવામાં આવેલ.

દર્દી નંબર–૩ કૃપાબેન ઘનશ્યામ શાહ ઉ.વ.૩૪ નાઓને તપાસતા તેમણે ડાબા સાંથળ ઉપર દુખાવો તથા લાલાસ, જમણા ખભાનો દુખાવો તથા હલનચલનમાં તકલીફ, ડાબા હાથની બીજી આંગળીમાં ઈજા અને લોહી નીકળવાની ફરિયાદ જણાવેલ. તેણીને તપાસ દરમિયાન ત્રણ

ઈજાઓ જોવા મળેલ. જે ઈજાઓ પૈકી ઈજા નંબર–૧ માં જમણા ખભા ઉપર મુઢ મારના કારણે થોડો સોજો લાલાસ જોવા મળેલ અને દુખાવો અનુભવેલ. ઈજા નંબર–૨ માં ડાબા સાંથળ ઉપર આગળની બાજુએ ઉપરના ૨/૩ અને નીચેના ૧/૩ ભાગે ૮ x ૨.૫ સેન્ટીમીટર સાઈઝના ચકામા–ઘસરખા અને લાલાસ જોવા મળેલ. ઈજા નંબર–૩ માં ડાબા હાથની બીજી આંગળીની ટોચ ઉપર ચકામા સોજો અને લાલાસ જોવા મળેલ તથા દુખાવો અનુભવેલ. આ તમામ ઈજાઓ સામાન્ય પ્રકારની બોથડ પદાર્થથી અને છ થી ૧૨ કલાકની અંદર થયેલ હોવાનુ જણાયેલ. તેમને ઓ.પી.ડી. દર્દી તરીકે સારવાર આપવામાં આવેલ. ડાબા હાથની બીજી આંગળની એક્સરે માટે નવી સીવીલ હોસ્પીટલ સુરત ખાતે રીફર કરવામાં આવેલ.

દર્દી નંબર–૪ પ્રિતિબેન જયપ્રકાશ દોશી ઉ.વ.૩૯ નાઓને તપાસતા તેમણે ડાબા સાંથળ ઉપર દુખાવો તથા ઈજા, ડાબા હાથ નજીકના ૧/૩ ભાગ ઉપર ઈજા અને દુખાવો, પીઠ ઉપર ડાબી બાજુ નીચેની બાજુ દુખાવાની ફરિયાદ જણાવેલ. તેણીને તપાસ દરમિયાન ચાર ઈજાઓ જોવા મળેલ. જે ઈજાઓ પૈકી ઈજા નંબર–૧ માં ડાબા સાંથળ ઉપરના ૧/૩ ભાગે બહારની બાજુ ૩ x ૧.૫ સેન્ટીમીટર સાઈઝના ચકામા–સોજો અને લાલાસ જોવા મળેલ. ઈજા નંબર–૨ માં ડાબા સાંથળ ઉપર બહારની બાજુએ ૪ x ૨ સેન્ટીમીટર સાઈઝના આડા ચકામા–ઘસરખા અને લાલાસ જોવા મળેલ. ઈજા નંબર–૩ માં જમણા ખભા ઉપર મુઢ મારના કારણે લાલાસ જોવા મળેલ અને દુખાવો અનુભવેલ. ઈજા નંબર–૪ માં ડાબા હાથના નજીકનો ૧/૩ ભાગ ઉપર મુઢ મારના કારણે લાલાસ જોવા મળેલ અને દુખાવો અનુભવેલ. આ તમામ ઈજાઓ સામાન્ય પ્રકારની બોથડ પદાર્થથી અને છ થી ૧૨ કલાકની અંદર થયેલ હોવાનુ જણાયેલ. તેમને ઓ.પી.ડી. દર્દી તરીકે સારવાર આપવામાં આવેલ.

આ તમામ દર્દીઓને મારી સમક્ષ પોલીસ યાદી સાથે રજુ કરેલ જેઓને મે સારવાર આપેલ જે સારવાર અંગેના મેડીકલ સર્ટીફીકેટ મે મારા હસ્તાક્ષરમાં તૈયાર કરેલ જે આજરોજ રજુ કરૂ છું જેને રજુ દાખલ આંક–૫૮ થી

આંક–૬૧ આપવામાં આવે છે."

સદરહુ સાહેદની આરોપીના વિ.વ.શ્રી દ્વારા ઉલટતપાસ કરવામાં આવેલી છે જેમા તેઓ જણાવે છે કે "એ વાત ખરી છે કે તમામ દર્દીઓને સામાન્ય પ્રકારની ઈજાઓ હતી. એ વાત ખરી છે કે આ પ્રકારની ઈજાઓ ખેતરમાં કામ કરતા પડી જવાથી થઈ શકે છે.

સવાલ – રજુ કરેલ મેડીકલ સર્ટીફીકેટમાં કયા પ્રકારની સારવાર આપી તેનો કોઈ ઉલ્લેખ કરેલ નથી.

જવાબ – એ વાત ખરી છે કે મેડીકલ સર્ટીફીકેટમાં કયા પ્રકારની સારવાર આપી તેનો ઉલ્લેખ નથી પરંતુ કેસ પેપર્સમાં ઉલ્લેખ કરેલો હોય છે જે હું આજરોજ મારી સાથે લાવેલ છું.

એ વાત ખરી નથી કે બીજલબેન, કૃપાબેન, ભાવીનભાઈ અને પ્રિતિબેન આ તમામાના સર્ટીફીકેટ મે તેમની સાથે મળીને ખોટા ઉપજાવી કાઢેલ છે. એ વાત ખરી છે કે મે મારા સર્ટીફીકેટ મુજબ બીજલબેન અને કૃપાબેનને સીવીલ હોસ્પીટલ સુરત ખાતે એક્સરે માટે રીફર કરેલ તે બાદ તેઓએ એકસરે કઢાવેલ કે કેમ તેની મને ખબર નથી અને તે બાદ મારે બીજી વખત તેઓને તપાસવાનો પ્રસંગ બનેલ નથી. એ વાત ખરી છે કે આ દર્દીઓએ ઈજા કેવી રીતે થઈ તે હકિકત મને જણાવેલ નથી અને મારા રજુ કરેલ સર્ટીફીકેટમાં પણ નથી."

(૭.૮) ફરીયાદપક્ષ તરફે આંક–૬૪ થી તપાસ કરનાર અમલદાર હેમંતકુમાર બચુભાઈ પટેલને તપાસવામાં આવેલ છે અને તેઓ પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે, "હું તા.૧૪–૦૪–૨૦૧૪ ના રોજ મહુવા પો.સ્ટે.માં પો.સ.ઈ. તરીકે ફરજ બજાવતા હતા તે દરમ્યાન ફરીયાદી બીજલબેન વાઈફ ઓફ ભાવીનભાઈ કનુભાઈ વ્યાસ રહે. અમદાવાદનાઓએ અમારા રૂબરૂ ફરીયાદ આપેલ કે આ કામના આરોપીઓ (૧) હિતેષભાઈ લાલુભાઈ, (૨) હિતેષભાઈની પત્ની, (૩) રાકેશભાઈ લાલુભાઈ, (૪) રાકેશભાઈની પત્ની, (૫) લાલુભાઈ નારણભાઈ રહે. ધોળીકુઇ, તા. મહુવા,

જી. સુરત નાઓએ એકબીજાની મદદગારી કરી એક સંપ થઇ પોતાનો સામાન્ય હેતુ પાર પાડવા મારક હથીયારો ધારણ કરી ફરીયાદી તથા સાહેદોને તેમની જમીનમાં જે.સી.બી. મશીનથી સમારકામ કરાવતા હતા ત્યારે ગાળી ગલોચ કરી દોડી આવી જમીન બાબતે ઉશ્કેરાઇ જઇ લાકડી તથા કુહાડી જેવા સાધનથી હુમલો કરી ફરીયાદી તથા સાહેદોને માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી ફરીયાદી પહેરેલ કપડા ફાડી નાખી છેડતી કરી વિગેરે મતલબની ફરીયાદ અમારી રૂબરૂ આવતા ફરીયાદ લઇ ગુનો રજીસ્ટર કરી જે મહુવા પો.સ્ટે. ફર્સ્ટ ગુના રજી. નં. ૪૫/૨૦૧૪ ઇ.પી.કો. કલમ – ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૨૩, ૩૫૪, ૫૦૪, ૫૦૬(૨) મુજબ નોંધી આગળની તપાસ અમોએ સંભાળી લીધેલ. બાદ આ કામે સાહેદોના નિવેદનો નોંધેલ. બાદ ગુનાનો સ્પેશ્યલ રીપોર્ટ ઉપરી અધીકારીશ્રીને કરેલ બાદ ગુનાના કામે પંચો રૂબરૂ ગુનાવાળી જગ્યાનું પંચનામું કરેલ. બાદ મેડીકલ સર્ટીફીકેટ મેળવેલ. આરોપીઓની ગુનાના કામે અટક કરી મુદત અંદર નામ. કોર્ટમાં મોકલી આપેલ. બાદ પુરતો પુરાવો પડતો હોય તમામ આરોપીઓ વિરૂધ્ધ ચાર્જશીટ કરવામાં આવેલ. આરોપીઓને જોયેથી ઓળખુ છુ."

સદરહુ તપાસ કરનાર અમલદારની આરોપીઓના વિ.વ.શ્રી દ્વારા ઉલટતપાસ કરવામાં આવેલી છે જેમા તેઓ જણાવે છે કે " એ વાત ખરી છે કે આંક – ૩૪ થી સદર કામે મુદ્દામાલ મળી નહી આવતો હોવાનો પોલીસ સબ ઇન્સપેકટર મહુવા પોલીસ દ્વારા રીપોર્ટ રજુ કરવામાં આવેલ છે. એ વાત મને ધ્યાન નથી કે આરોપી તથા ફરીયાદી વચ્ચે કોઇ બનાવ વાળી જમીન બાબતે સીવીલ મેટર ચાલુ છે કે કેમ. એ વાત ખરી છે કે આ કામે મેં કરેલી તપાસ દરમ્યાન જે કોઇ માહીતી તથા દસ્તાવેજી પુરાવા ભેગા કરેલા તે તમામ ચાર્જશીટ સાથે રજુ કરેલા છે. એ વાત હું કહી શકુ નહી કે ફરીયાદીએ બનાવના આશરે બે થી ત્રણ દિવસ અગાઉ કોઇ પોલીસ પ્રોટેકશનની અરજી આપેલી કે કેમ. એ વાત ખરી છે કે આ કામના આરોપીઓએ આ કામના ફરીયાદી વિરૂધ્ધ પણ એક પોલીસ ફરીયાદ આપેલી હતી જે બાબતે અમોએ તપાસ કરી ચાર્જશીટ કરેલ છે. એ વાત ખરી નથી કે મેં ફરીયાદને અનૂરૂપ

સાહેદોના નિવેદનો જાતે લખી લીધેલા છે. એ વાત ખરી નથી કે મેં ફરીયાદને અનુરૂપ પંચનામું કરેલ છે. એ વાત ખરી નથી કે આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો ન હોવા છતાં મેં ખોટુ ચાર્જશીટ કરેલુ છે."

આમ, ઉપરોકત ફરિયાદપક્ષે આરોપી સામેનો કેસ પુરવાર કરવા માટે જે પુરાવો રેકર્ડ ઉપર રજુ કરેલ છે તે સમગ્ર પુરાવો ધ્યાને રાખી મૂલ્યાંકન કરવામાં આવે તો,

## (૮) <u>પુરાવાનું મૂલ્યાંકન:</u>

**<u>પ્રસ્થાપિત સિદ્ધાંતોઃ</u>**–

કોઈપણ ફોજદારી પ્રક્રિયાની શરૂઆત કરવામાં આવે ત્યારે ક્રિમીનલ પ્રોસીજર કોડમાં જણાવેલ સિદ્ધાંતો અનુસાર અને તેને અનુસરીને ફોજદારી કેસનો નિકાલ કરવામાં આવે છે.આપણા દેશમાં ફોજદારી કેસમાં ન્યાય કરવા માટે જે વ્યક્તિ સામે ગુનાના આક્ષેપો હોય, તે વ્યકિતને તેની સામેની ટ્રાયલના તબકકે ન્યાયશાસ્ત્રમાં જે વ્યાખ્યા આપવામાં આવી છે,તેમાં એવો અર્થ કરવામાં આવેલો છે કે , દરેકે દરેક ફોજદારી પ્રકરણમાં આરોપી નિર્દોષ છે, તેવા અનુમાન સાથે ન્યાયની અદાલતમાં ટ્રાયલ ચલાવવામાં આવે છે, અને ફરિયાદપક્ષ ધ્વારા આરોપી સામે જે અપરાધ મૂકવામાં આવે, તે અપરાધ ફરિયાદપક્ષે નિઃશંકપણે પુરવાર કરવાના રહે છે. ફરિયાદપક્ષની આ જવાબદારી કોઇ પણ તબકકે ઓછી થતી નથી કે બચાવપક્ષની કસૂર અથવા તો ક્ષતિના કારણે ફરિયાદપક્ષને તેનો લાભ લઇ શકતો નથી. આનો અર્થ એવો છે કે જે આક્ષેપો ફરિયાદપક્ષે આરોપીની વિરૂદ્ધમાં કર્યા હોય, અને તેના આધારે તહોમતનામુ ઘડવામાં આવ્યુ હોય, તે તહોમતનામામાં જણાવ્યા પ્રમાણેના આક્ષેપોને નિઃશંકપણે પુરવાર કરવા માટે મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો ફરિયાદપક્ષે રજૂ કરવાનો રહે છે, અને તે પુરાવામાંથી જો શંકા રહિત એવુ ફલીત થતું હોય કે,આરોપી ગુના સાથે સંકળાયેલો છે, તો જ આરોપીને તેની વિરૂદ્ધના ઘડવામાં આવેલ

તહોમતનામા માટે દોષિત ઠરાવી શકાય. જો ફરિયાદપક્ષનો પુરાવો શંકાસ્પદ હોય તો તેનો લાભ આરોપીને મળવો જોઇએ.

***સ્ટેટ ઓફ યુ.પી. વિ. અનિલસિંગ, ૧૯૮૮ સુપ્રિમ કોર્ટ કેસીસ (ક્રિમીનલ) પાન નં.૧૪૭*** ના ચૂકાદામાં નામદાર સુપ્રિમકોર્ટે પુરાવાનુ મૂલ્યાંકન કેવી રીતે કરવુ, તે બાબતે માર્ગદર્શન આપેલ છે, અને એવુ અવલોકન કરેલ છે કે, દરેકે દરેક ફોજદારી પ્રકરણમાં ફરિયાદપક્ષ ધ્વારા જયારે પુરાવો પસંદ કરવામાં આવતો હોય છે, ત્યારે તેની વિશ્વસનીયતા અથવા તો તેની સત્યતા અથવા તો વિશ્લેષણ કરવામાં આવે છે, તે માટે અત્યાર સુધીમાં કોઇપણ જાતના ચોકકસ નિતી નિયમો ઘડવામાં આવેલા નથી કે ઘડી શકાય તેમ નથી. કારણ કે દરેકે દરેક ફોજદારી કેસોની હકીકત જુદી હોય છે, અને આ હકીકતમાં તેના આજુબાજુના સંજોગો અને ફરિયાદપક્ષ તરફથી પસંદ કરવામાં આવેલ પુરાવાનું કોર્ટે ન્યાયિક વિશ્લેષણ કરવાનુ હોય છે.

***સ્ટેટ ઓફ યુ.પી. વિ. અનિલસિંગ,*** ના ચૂકાદામાં નામદાર સર્વોચ્ચ અદાલત ધ્વારા ફરિયાદપક્ષ ધ્વારા પસંદ કરવામાં આવેલ પુરાવાનું વિશ્લેષણ કરવા માર્ગદર્શન આપતાં એવુ ઠરાવેલ છે કે, એક ન્યાયાધીશે જે પ્રકારની ફરજો બજાવવાની હોય છે, તેમાં પ્રથમ તો કોઇ બેગુનેગારને સજા થાય નહિ, અને તેની સાથે એ પણ જોવાનુ હોય છે કે, એક ગુનેગાર તેણે કરેલ ગુનામાંથી છટકો જવો જોઇએ નહિ. એટલે કે, ન્યાયની અદાલત ઉપર એક વિશિષ્ટ પ્રકારની જવાબદારી નામદાર સર્વોચ્ચ અદાલત ધ્વારા સોંપવામાં આવેલ છે. ઉપરોકત કેસમાં નામદાર સર્વોચ્ચ અદાલતે એવુ અવલોકન કરેલ છે કે, સામાન્યરીતે ભારત જેવા દેશમાં લોકો અદાલતથી દૂર રહેવાનુ પસંદ કરે છે. તેઓ અદાલતમાં જુબાની આપવા જવા તૈયાર થતા નથી. જયારે તેઓ કોઇ કારણસર જુબાની આપવા આવે ત્યારે સામાન્ય રીતે તેમની જુબાનીમાં અતિરેક, વિરોધાભાસ, આશંકા, ક્ષતિઓ વિગેરે ભળી જતા હોય છે, અને ઘણી વખત સાહેદો ફરિયાદપક્ષની હકીકતને વધુ પડતી રીતે પણ રજૂ કરતા હોય છે. કારણ કે, તેમના મનમાં એક પ્રકારનો ભય હોય

છે કે કદાચ કોર્ટ તેમના ઉપર પગલાં ભરી બેસશે, અને જે સાહેદો જુબાની આપવા આવતા હોય છે, તેઓ મોટા ભાગે કોર્ટથી અને કાયદાની આંટીઘૂંટીથી પરિચિત હોય છે, અને આવા કારણોસર સાહેદોની જુબાનીમાં વિરોધાભાસ, અસંગતતા, વિસંગતતા, ક્ષતિઓ અથવા તો અતિરેક જોવા મળતા હોય છે, અને જો આવી રીતે અસંગતતા, વિસંગતતા, વિરોધાભાસ અને અતિરેકથી ફરિયાદપક્ષના મૂળને અસર થતી ન હોય તો તેવી હકીકતોને અદાલતે પુરાવા ઉપરથી દરગુજર કરવી જોઇએ. પરંતુ જો આવા વિરોધાભાસ, અતિરેક, અસંગતતા અને વિસંગતતાથી ફરિયાદપક્ષના કેસના મૂળમાં અસર થતી હોય, અને જો ફરિયાદપક્ષનો કેસ તેના કારણે સંપૂર્ણપણે શંકાસ્પદ બનતો હોય તો, તેનો લાભ બચાવપક્ષને મળવો જોઇએ.

નામદાર સર્વોચ્ચ અદાલતે ***લેખરાજ વિ. હિમાચલ પ્રદેશ, ૨૦૦૦, સુપ્રિમ કોર્ટ કેસીસ (ક્રિમીનલ) ૧૪૭*** ના ચૂકાદામાં ફોજદારી પ્રકરણમાં પસંદ કરવામાં આવેલ પુરાવાનુ વિશ્લેષણ વાસ્તવિક્તાઓ અને વ્યવહારથી, તટસ્થતાથી કરવું જોઇએ, તેવુ ઠરાવેલ છે. ઉપર મુજબનો સિધ્ધાંતોને નજર સમક્ષ રાખીને હવે આપણે ફરિયાદપક્ષના પુરાવાનુ ન્યાયિક વિશ્લેષણ કરીશું.

પ્રોસીકયુશન ધ્વારા તેનો કેસ નિઃશંકપણે પુરવાર કરવો જોઇએ, અને ગુનાના તમામ તત્વો પુરવાર કરવાની જવાબદારી પ્રોસીકયુશનની છે, અને તે કયારેય આરોપી ઉપર શીફટ થતી નથી. એવો કેસો કે, જેમાં આરોપીનો બચાવ ક્રેડીબલ અગર તો પાલ્પેબલી ફોલ્સ જણાય તો પણ પુરાવાનો બોજો પ્રોસીકયુશન ઉપરથી હળવો થતો નથી. પ્રોસીકયુશન પોતાનુ આ બર્ડન ડીસ્ચાર્જ કરે તો, ત્યારે આરોપીએ પોતે આવશ્યક તત્વો એકસપ્લેઈન અગર તો કોન્ટ્રોવર્ડ પ્રોસીકયુશનનો કેસ નેગેટીવ કરવા કરવો જોઇએ, અને જયારે બર્ડન આરોપી ઉપર શીફટ થાય ત્યારે સ્ટાન્ડર્ડ પ્રૂફ જેટલું પ્રોસીકયુશને પોતાનો કેસ પુરવાર કરવા માટે જોઇએ તેટલું આરોપી માટે નથી. આરોપીએ માત્ર પોતાનો બચાવ પ્રોબેબલ દર્શાવવો જોઇએ કે જેથી તેને રીઝનેબલ શંકાનો લાભ મળી શકે. આ રેસીયો

નામદાર સુપ્રિમકોર્ટે ***એ.આઈ.આર. ૧૯૭૨ (સપ્રિમકોર્ટ) ૭૧૬*** માં નકકી કરેલ છે.

**આક્ષેપિત કલમોમાં પુરવાર કરવાના આવશ્યક તત્વોઃ–**

**કલમ ૧૪૩ (IPC 143):**

ગેરકાયદેસર મંડળી (Unlawful Assembly) નો સભ્ય બનવા અંગેની શિક્ષા。 જો ૫ કે તેથી વધુ લોકો કોઈ ગેરકાયદેસર ઉદ્દેશ્ય માટે એકઠા થાય, તો તે આ ગુનો બને છે.

**કલમ ૧૪૭ (IPC 147):**

હુલ્લડ (Rioting) કરવા બદલ સજા。 જ્યારે ગેરકાયદેસર મંડળી બળ કે હિંસાનો ઉપયોગ કરે, ત્યારે આ કલમ લાગુ પડે છે.

**કલમ ૧૪૮ (IPC 148):**

ઘાતક હથિયારો સાથે સજ્જ થઈને હુલ્લડ કરવું。 જો ટોળું તલવાર, લાકડી કે અન્ય જીવલેણ હથિયારો સાથે હિંસા કરે તો આ કલમ હેઠળ ગુનો નોંધાય છે.

**કલમ ૧૪૯ (IPC 149):**

ગેરકાયદેસર મંડળીના તમામ સભ્યો સામાન્ય ઉદ્દેશ્ય માટે થયેલા ગુના માટે જવાબદાર.આ કલમ ટોળાના પ્રત્યેક વ્યક્તિને ગુનેગાર ઠેરવે છે, ભલે તેમણે પોતે સીધો હુમલો ન કર્યો હોય.

**કલમ ૪૨૭ (IPC 427):**

તોડફોડ કરીને નુકસાન પહોંચાડવું. જ્યારે કોઈ જાણી જોઈને ₹50 કે તેથી વધુનું આર્થિક નુકસાન અથવા મિલકતને નુકસાન પહોંચાડે ત્યારે આ કલમ લાગુ થાય છે..

**કલમ ૩૫૪ (IPC 354):**

સ્ત્રીઓની નમ્રતા/લજ્જા ભંગ કરવાના ઈરાદાથી હુલ્લડ કે બળપ્રયોગ કરવો。 સ્ત્રીની ગરિમાને ઠેસ પહોંચાડવાના ઈરાદે કરવામાં આવેલી છેડતી આમાં આવે છે.

**કલમ ૫૦૪ (IPC 504):**

શાંતિ ભંગ કરવાના ઈરાદે જાણી જોઈને અપમાન કરવું. કોઈ વ્યક્તિને

ઉશ્કેરવા અને જાહેર શાંતિ ડહોળાય તેવા અપમાનજનક શબ્દો બોલવા આ કલમ હેઠળ ગુનો બને છે.

## (૯) મુદ્દા નં. ૧ ની ચર્ચા

**(૯.૧)** ફરીયાદી બીજલબેને પોતાની સરતપાસમાં જણાવ્યું છે કે શરૂઆતમાં રાકેશભાઈ, હિતેશભાઈ તથા તેમના પિતા લાલુભાઈ સ્થળ પર આવ્યા હતા અને ત્યારબાદ હિતેશભાઈએ ફોન કરીને અન્ય લોકોને બોલાવ્યા હતા. જ્યારે પ્રિતીબેને જણાવ્યું છે કે શરૂઆતમાં માત્ર હિતેશભાઈ આવ્યા હતા અને ત્યારબાદ તેમણે ફોન કરીને રાકેશભાઈ, લાલુભાઈ તથા અન્ય લોકોને બોલાવ્યા હતા. ભાવીનભાઈએ પણ જણાવ્યું છે કે શરૂઆતમાં હિતેશભાઈ એકલા હાજર હતા અને પછી અન્ય લોકો આવ્યા હતા. આમ લાલુભાઈ શરૂઆતથી હાજર હતા કે પછી આવ્યા તે બાબતે ફરીયાદીની જુબાની અન્ય બંને મુખ્ય સાહેદોથી વિરુદ્ધ છે.

ફરીયાદી બીજલબેને જણાવ્યું છે કે રાકેશભાઈએ કુહાડીથી માર માર્યો, કપડાં ખેંચીને ફાડી નાખ્યા તથા છાતીના ભાગે મુક્કા માર્યા હતા. જ્યારે કૃપાબેને જણાવ્યું છે કે હિતેશભાઈએ બીજલબેનના કપડાં ફાડ્યા તથા છાતીના ભાગે મુક્કા માર્યા હતા. બીજી તરફ પ્રિતીબેને કપડાં ફાડવાની કોઈ હકીકત જ કહી નથી અને માત્ર હિતેશભાઈએ પીઠ ઉપર માર માર્યો હોવાનું જણાવ્યું છે. ભાવીનભાઈએ પણ કપડાં ફાડવાની કોઈ ઘટના જણાવી નથી પરંતુ હિતેશભાઈએ લાકડીથી પીઠ ઉપર માર માર્યો હોવાનું જણાવ્યું છે. આમ બીજલબેન ઉપર કોણે હુમલો કર્યો, કપડાં કોણે ફાડ્યા અને કયા પ્રકારનો હુમલો કર્યો તે બાબતે ચારેય સાહેદોની જુબાનીમાં ગંભીર વિરોધાભાસ છે.

ફરીયાદીએ જણાવ્યું છે કે દસથી બાર માણસોએ તેમના પતિ ભાવીનભાઈને મારતા મારતા ખેતરના છેડા સુધી લઈ ગયા હતા, જ્યારે કૃપાબેન અને પ્રિતીબેન માત્ર "ટોળાના માણસો" દ્વારા માર માર્યાનું જણાવે છે. ભાવીનભાઈ પોતાની જુબાનીમાં કહે છે કે તમામ આરોપીઓએ તેમના ઉપર હુમલો કર્યો હતો. તેથી ભાવીનભાઈને કોણે માર્યો તે બાબતે પણ

એકરૂપતા જોવા મળતી નથી.

(૯.૨) આ કામે આરોપીઓ વિરુદ્ધ ઈ.પી.કો.ની કલમ ૧૪૩, ૧૪૭, ૧૪૮ અને ૧૪૯ હેઠળનો આક્ષેપ કરવામાં આવેલ છે. આ કલમો હેઠળનો ગુનો સાબિત કરવા માટે સરકાર પક્ષે એ નિઃશંક રીતે પુરવાર કરવું જરૂરી બને છે કે આરોપીઓ ગેરકાયદેસર મંડળી તરીકે એકત્ર થયા હતા, તેમનો કોઈ સામાન્ય ઉદ્ધેશ હતો તથા તે સામાન્ય ઉદ્ધેશની પૂર્તિ માટે બળવો અથવા જીવલેણ હથિયાર સાથે હુમલો કરવામાં આવ્યો હતો. માત્ર અનેક વ્યક્તિઓ સ્થળ પર હાજર હોવાનું દર્શાવવું પૂરતું નથી, પરંતુ દરેક આરોપીની હાજરી, તેમની ભૂમિકા તથા સામાન્ય ઉદ્ધેશ સ્પષ્ટ અને વિશ્વસનીય પુરાવાથી સાબિત થવો આવશ્યક બને છે. આ કામે રજૂ થયેલા સાક્ષીઓના નિવેદનોનું અવલોકન કરતાં સૌપ્રથમ તો બનાવના સ્થળે આરોપીઓની હાજરી અને તેઓ કયા ક્રમમાં આવ્યા તે બાબતે જ ગંભીર વિરોધાભાસો જોવા મળે છે. ફરિયાદી બીજલબેન જણાવે છે કે શરૂઆતમાં રાકેશભાઈ, હિતેશભાઈ અને લાલુભાઈ ત્રણેય સ્થળ પર આવ્યા હતા અને ત્યારબાદ ફોન કરવાથી રાકેશભાઈ તથા હિતેશભાઈની પત્નીઓ તેમજ અન્ય ૧૦ થી ૧૨ વ્યક્તિઓ આવ્યા હતા. જોકે, ઉલટતપાસ દરમિયાન તેઓ સ્પષ્ટપણે સ્વીકારે છે કે તેમની મૂળ ફરિયાદમાં લાલુભાઈનું નામ જ દર્શાવવામાં આવ્યું નથી. જો લાલુભાઈ શરૂઆતથી જ બનાવના સ્થળે હાજર હતા તો ફરિયાદમાં તેમનું નામ ન હોવું એક ગંભીર સુધારો ગણાય છે.

(૯.૩) તે જ સમયે સાક્ષી કૃપાબેન જણાવે છે કે શરૂઆતમાં માત્ર હિતેશભાઈ અને રાકેશભાઈ આવ્યા હતા અને ત્યારબાદ હિતેશભાઈએ ફોન કરતાં પાંચ મિનિટમાં તેમની પત્ની, તેમના પિતા લાલુભાઈ તથા અન્ય બાર વ્યક્તિઓ આવ્યા હતા. બીજી તરફ પ્રિતીબેન જણાવે છે કે શરૂઆતમાં માત્ર હિતેશભાઈ જ સ્થળ પર હાજર હતા અને તેમણે ફોન કરીને ત્યારબાદ રાકેશભાઈ, લાલુભાઈ, પત્નીઓ તથા અન્ય બાર વ્યક્તિઓને બોલાવ્યા હતા. ભાવિનભાઈ તો વધુ એક અલગ જ વર્ણન આપે છે કે હિતેશભાઈ

શરૂઆતમાં બાજુના ખેતરમાં ઊભેલા હતા અને ફોન કર્યા બાદ હિતેશભાઈ, તેમની પત્ની, રાકેશભાઈ, તેમની પત્ની, લાલુભાઈ તથા અન્ય બાર વ્યક્તિઓ લાકડી અને કુહાડી સાથે સ્થળ પર આવ્યા હતા.આ ચારેય સાક્ષીઓના નિવેદનોની સરખામણી કરતાં સ્પષ્ટ થાય છે કે શરૂઆતમાં કોણ હાજર હતું, કોણ પાછળથી આવ્યું, લાલુભાઈ શરૂઆતથી હાજર હતા કે પછી આવ્યા, તથા અન્ય વ્યક્તિઓ ક્યારે જોડાયા તે બાબતે કોઈ એકસરખું અને વિશ્વસનીય વર્ણન ઉપલબ્ધ નથી. જ્યારે સરકાર પક્ષનો સમગ્ર કેસ ગેરકાયદેસર મંડળીની રચના અને સામાન્ય ઉદ્ધેશ ઉપર આધારિત હોય ત્યારે આવી મૂળભૂત બાબતોમાં રહેલા વિરોધાભાસો અત્યંત મહત્વના બની જાય છે અને સરકાર પક્ષની સમગ્ર કહાનીને શંકાસ્પદ બનાવે છે. પરિણામે, આરોપીઓએ પૂર્વનિયોજિત રીતે ગેરકાયદેસર મંડળી રચી હતી તે બાબત નિઃશંક રીતે પુરવાર થતી નથી.

(૯.૪) આ ઉપરાંત, આ કામે કયા હથિયાર વડે હુમલો કરવામાં આવ્યો હતો તે પ્રશ્ન પણ અત્યંત મહત્વનો છે. સરકાર પક્ષનો આક્ષેપ એવો છે કે આરોપીઓ જીવલેણ હથિયારો સાથે આવ્યા હતા, પરંતુ તપાસ અધિકારી તે હથિયારો કોર્ટ સમક્ષ રજૂ કરવામાં સંપૂર્ણપણે નિષ્ફળ ગયા છે. કોઈ કુહાડી કે લાકડી જપ્ત કરીને કોર્ટમાં રજૂ કરવામાં આવી નથી, જે બાબતની કોર્ટ વિશેષ નોંધ લે છે. હથિયારની ગેરહાજરીમાં મૌખિક પુરાવાનું મૂલ્યાંકન વધુ કડક ધોરણે કરવું આવશ્યક બને છે. સાક્ષીઓના નિવેદનોમાં હથિયાર અંગે પણ ગંભીર વિરોધાભાસો જોવા મળે છે. બીજલબેન તથા ભાવિનભાઈ જણાવે છે કે રાકેશભાઈના હાથમાં કુહાડી હતી અને બાકીના આરોપીઓ પાસે લાકડીઓ હતી. કૃપાબેન પણ માત્ર એટલું જ જણાવે છે કે રાકેશભાઈના હાથમાં કુહાડી હતી. પરંતુ પ્રિતીબેન પોતાના સમગ્ર નિવેદનમાં ક્યાંય પણ કુહાડીનો ઉલ્લેખ કરતી નથી. તેઓ માત્ર એટલું જ જણાવે છે કે હિતેશભાઈની પત્ની તથા ટોળાના અન્ય લોકો પાસે લાકડીઓ હતી અને તેનાથી માર મારવામાં આવ્યો હતો. જો ખરેખર કુહાડી જેવા જીવલેણ હથિયારનો ઉપયોગ થયો હોત તો તમામ પ્રત્યક્ષદર્શી સાક્ષીઓ તેનો સ્પષ્ટ

અને એકસરખો ઉલ્લેખ કરે તેવી સ્વાભાવિક અપેક્ષા રહેતી. એક મહત્વપૂર્ણ હથિયાર અંગે જ આટલો મોટો વિરોધાભાસ સરકાર પક્ષના કેસને ગંભીર રીતે નબળો પાડે છે.

**(૯.૫)** વધુમાં, ફરિયાદી બીજલબેન ઉલટતપાસ દરમિયાન સ્પષ્ટ સ્વીકારે છે કે તેમણે પોતાની મૂળ પોલીસ ફરિયાદમાં કોઈ આરોપી કુહાડી લઈને આવ્યો હતો અથવા કુહાડીથી હુમલો કર્યો હતો તેવી કોઈ વિગત નોંધાવી નહોતી. આથી કોર્ટ સમક્ષ પ્રથમ વખત કરવામાં આવેલો કુહાડીનો ઉલ્લેખ સ્પષ્ટ સુધારો હોવાનું જણાય છે અને આવા સુધારેલા નિવેદન ઉપર વિશ્વાસ મૂકી શકાય નહીં. આ ઉપરાંત, કેસમાં રજૂ થયેલા મેડિકલ પ્રમાણપત્રોમાં પણ કોઈ ચોક્કસ ઈજાને કોઈ ચોક્કસ હથિયાર સાથે સાંકળવામાં આવી નથી. કયા આરોપીએ કોને કયા હથિયાર વડે ઈજા પહોંચાડી હતી તેની કોઈ નોંધ ઉપલબ્ધ નથી. આમ, તબીબી પુરાવો પણ મૌખિક પુરાવાને પૂરતો આધાર આપતો નથી.

આ તમામ પરિસ્થિતિઓના સંયુક્ત મૂલ્યાંકનથી સ્પષ્ટ થાય છે કે સરકાર પક્ષ આરોપીઓની ગેરકાયદેસર મંડળીની રચના, તેમની હાજરી, સામાન્ય ઉદ્દેશ તથા જીવલેણ હથિયાર સાથે હુમલો કર્યાની હકીકત નિઃશંક રીતે પુરવાર કરવામાં નિષ્ફળ ગયું છે. સાક્ષીઓના નિવેદનોમાં રહેલા મૂળભૂત વિરોધાભાસો, ફરિયાદમાં થયેલા સુધારાઓ, હથિયારોની જપ્તી અને રજૂઆતનો અભાવ તથા તબીબી પુરાવામાં જરૂરી સમર્થનના અભાવે આરોપીઓને ઈ.પી.કો.ની કલમ ૧૪૩, ૧૪૭, ૧૪૮ અને ૧૪૯ હેઠળ દોષિત ઠેરવવા માટે આવશ્યક પ્રમાણનો વિશ્વસનીય અને નિઃશંક પુરાવો ઉપલબ્ધ થતો નથી.

**(૯.૬)** આ કામે સરકાર પક્ષ દ્વારા એવો આક્ષેપ કરવામાં આવેલ છે કે ફરિયાદીના કપડાં ફાડી નાખવામાં આવ્યા હતા. તેમ છતાં, આ આક્ષેપને સમર્થન આપતો કોઈ સ્વતંત્ર અને વિશ્વસનીય પુરાવો અદાલત સમક્ષ રજૂ કરવામાં આવેલ નથી. તપાસ દરમિયાન ફરિયાદીના ફાટેલા કપડાં જપ્ત

કરવામાં આવ્યા હોવાના અથવા તે ફોરેન્સિક તપાસ માટે મોકલવામાં આવ્યા હોવાના કોઈ પુરાવા રજૂ કરવામાં આવ્યા નથી. આ ઉપરાંત, કપડાં ખરેખર ફાટેલા હતા કે નહીં અથવા તે ઘટના દરમિયાન જ ફાટ્યા હતા તે બાબતને સમર્થન આપતો કોઈ દસ્તાવેજી કે ભૌતિક પુરાવો પણ ઉપલબ્ધ નથી. વધુમાં, અદાલતમાં નોંધાયેલા મૌખિક પુરાવાનું અવલોકન કરતાં એ પણ સ્પષ્ટ થાય છે કે કયા ચોક્કસ આરોપીએ ફરિયાદીની લજ્જાભંગ થાય તેવું કૃત્ય કર્યું હતું તે બાબતે કોઈ સ્પષ્ટ, એકસરખો અને વિશ્વસનીય પુરાવો ઉપલબ્ધ નથી. કોઈપણ સાક્ષી દ્વારા એવી ચોક્કસ ભૂમિકા દર્શાવવામાં આવી નથી કે જેના આધારે કોઈ નિશ્ચિત આરોપીને કલમ ૩૫૪ હેઠળ જવાબદાર ઠેરવી શકાય. જ્યારે એકથી વધુ વ્યક્તિઓ સામે આક્ષેપ કરવામાં આવ્યો હોય ત્યારે દરેક આરોપીની અલગ અને ચોક્કસ ભૂમિકા પુરવાર કરવી સરકાર પક્ષની ફરજ બને છે, જે આ કેસમાં કરવામાં આવી નથી.

તેથી, ફરિયાદીના કપડાં ફાડી નાખવામાં આવ્યા હોવાનો આક્ષેપ માત્ર મૌખિક નિવેદન સુધી જ સીમિત રહે છે અને તેને સમર્થન આપતો કોઈ ભૌતિક, દસ્તાવેજી કે સ્વતંત્ર પુરાવો ઉપલબ્ધ નથી. વધુમાં, કયા આરોપીએ ફરિયાદીની મર્યાદા ભંગ કરી હતી તે બાબત પણ નિઃશંક રીતે સાબિત થઈ શકતી નથી. પરિણામે, સરકાર પક્ષ ઈ.પી.કો.ની કલમ ૩૫૪ હેઠળના ગુનાના આવશ્યક તત્ત્વો પુરવાર કરવામાં નિષ્ફળ ગયું હોવાનું આ અદાલતનું માનવું છે.

**(૧૦)** આમ, ઉપરોકત કરેલ ચર્ચા મુજબ ફરિયાદપક્ષનાં કેસ મુજબ આ કામના આરોપીએ ઉપરોક્ત મુજબનો ગુનો કરેલ હોઇ તેવું પુરાવાથી નિઃશંકપણે પુરવાર કરવામાં ફરિયાદપક્ષ નિષ્ફળ ગયેલ છે તેમ આ અદાલતનું માનવું છે. તેથી મુદા નં.૧ નો જવાબ નકારમાં અને મુદા નં.ર પરત્વે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવુ છું.

**--// આ ખ રી - હુ ક મ //--**

**(૧)** આ કામના આરોપી નં. **(૧) હિતેશભાઈ લાલુભાઈ સુચલ** રહે. ધોળીકુઈગામ રોડ ફળિયું તા.મહુવા જી.સુરત, **(૩) લાલુભાઈ નારણભાઈ સુચલ** રહે.ધોળીકુઈગામ રોડ ફળિયું તા.મહુવા જી.સુરત, **(૪) ઉર્મીલાબેન હિતેશભાઈ લાલુભાઈ સુચલ** રહે. ધોળીકુઈગામ રોડ ફળિયું તા.મહુવા જી.સુરત, **(૫) લીલાબેન રાકેશભાઈ લાલુભાઈ સુચલ** રહે. ધોળીકુઈગામ રોડ ફળિયું તા.મહુવા જી.સુરત, નાઓને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૪૮(૧) અન્વયે ઈ.પી.કો.ની કલમ – ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૨૩, ૩૨૫, ૩૫૪, ૫૦૪, ૫૦૬(૨)મુજબના શિક્ષાપાત્ર ગુનામાથી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** આરોપીના જામીનખત તથા બોન્ડ આથી રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**(૩)** ક્રિ.પ્રો.કોડની કલમ–૪૩૭ અન્વયે અપીલ કોર્ટમાં હાજર રહેવાની બાંહેધરી માટે આરોપીએ રૂ.૫૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર પુરા) ના છ માસની મુદત માટે જામીન રજુ કરવાં.

હુકમ આજરોજ તારીખ ૦૭મી, માહે જુલાઈ સને ૨૦૨૬ ના રોજ ખુલી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૦૭ /૦૭/૨૦૨૬
મહુવા, જિ.સુરત

**(પી.એન.પુરાણી)**
**પ્રિન્સીપાલ સિવિલ જજ અને**
**જયુડી.મેજી.ફ.ક.,**
**તા.મહુવા જિ.સુરત**
**કોડ નં.જીજે૦૧૭૩૭**